અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.
DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

[૨૦૨૨] ૧૫ એસ.સી.આર. ૮૪૭

હિમાચલ પ્રદેશ રાજ્ય અને અન્ય

વિરૂદ્ધ

રાજ કુમાર અને અન્ય

(સિવિલ અપીલ નં. ૯૭૪૬/૨૦૧૧)

૨૦/૦૫/૨૦૨૨

[ઉદય ઉમેશ લલિત, એસ. રવીન્દ્ર ભટ અને પામિદિઘંતમ શ્રી નરસિમ્હા, ન્યાયમૂર્તિઓ]

સેવા કાયદો: હિમાચલ પ્રદેશ ભરતી અને બઢતી નિયમો, ૧૯૬૬ - એચ.પી. શ્રમ અને રોજગાર વિભાગ, શ્રમ અધિકારીઓ, વર્ગ-૨ (ગેઝેટેડ) મિનિસ્ટ્રીયલ સર્વિસીસ આર એન્ડ પી નિયમો, ૨૦૦૬ - સરકારી કર્મચારીની સેવાની શરતો - નવા નિયમોના પ્રખ્યાપન પહેલાં ખાલી જગ્યાઓ ઊભી થઈ - માત્ર જૂના નિયમો અનુસાર અથવા સુધારેલા નિયમો અનુસાર જ ભરવાની રહેશે

- ૧૯૬૬ નિયમો દ્વારા સંચાલિત શ્રમ અધિકારીની પાંચ જગ્યાઓ, બઢતી દ્વારા ભરવાની રહેશે - ૨૦/૦૭/૨૦૦૬ ના રોજ, શ્રમ અધિકારીઓ માટે સાત વધારાની જગ્યાઓ મંજૂર કરવામાં આવી, અને કુલ જગ્યાઓ ૫ થી વધીને ૧૨ થઈ - ત્યારબાદ, ૧૯૬૬ ના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો - ૨૦૦૬ ના નવા નિયમો હેઠળ, શ્રમ અધિકારીની જગ્યા પર ભરતી અનુક્રમે ૭૫ ટકા અને ૨૫ ટકાના ગુણોત્તરમાં બઢતી તેમજ સીધી ભરતી દ્વારા કરવાની રહેશે - કુલ ૧૨ જગ્યાઓમાંથી, બઢતીની જગ્યાઓ ૫ થી વધીને ૯ (૭૫ ટકા હોવાને કારણે) થઈ અને સીધી ભરતીની જગ્યાઓ ૩ (૨૫ ટકા હોવાને કારણે) થઈ - પ્રતિવાદી નં ૧ થી ૩-શ્રમ નિરીક્ષકે સીધી ભરતી દ્વારા ૨૫ ટકા જગ્યાઓ ભરવાને એવા કારણોસર પડકારી હતી કે નવા નિયમોના પ્રખ્યાપન પહેલાં ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી અને તેથી, તમામ ખાલી જગ્યાઓ માત્ર બઢતી દ્વારા જ ભરવી જોઈએ - ટ્રિબ્યુનલના નિર્દેશ પર, રાજ્ય સરકારે ફરિયાદ પર વિચાર કર્યો અને તેને નકારી કાઢી - ટ્રિબ્યુનલ સમક્ષ ફરીથી પડકારવામાં આવી - પડતર સમયગાળા દરમિયાન, રાજ્ય સરકારે સીધી ભરતીના ક્વોટા હેઠળ શ્રમ અધિકારીઓની ૩ જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવી - પ્રતિવાદી નં ૪ થી ૬ ની જગ્યા પર નિમણૂક કરવામાં આવી - પ્રતિવાદી નં ૧ થી ૩ દ્વારા નિમણૂકોને પડકારવામાં આવી - ડિવિઝન બેન્ચે રંગૈયાના કેસ પર આધાર રાખીને પિટિશન મંજૂર કરી. અપીલ પર, ઠરાવ્યું કે: રંગૈયાના કેસને તેના પોતાના તથ્યોના સંદર્ભમાં જોવો જોઈએ, તેની સાથે તેમાં કરાયેલી ઘોષણાઓ પણ જોવી જોઈએ કે એવો કોઈ સાર્વત્રિક લાગુ પડતો નિયમ નથી કે ખાલી જગ્યાઓ અનિવાર્યપણે તે તારીખે

અસ્તિત્વમાં રહેલા નિયમોના આધારે જ ભરવી જોઈએ જે તારીખે તે ઊભી થઈ હોય - રંગૈયામાં એવું નિવેદન કે "સુધારેલા નિયમો પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં", તે સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓને સંચાલિત કરતા કાયદાની સાચી દરખાસ્તને પ્રતિબિંબિત કરતું નથી, તેથી, તેને ઓવરરૂલ (રદબાતલ) કરવામાં આવે છે - સેવાઓનું સંચાલન કરતા નિયમોની બહાર કર્મચારી માટે કોઈ અધિકાર નથી - રાજ્ય હેઠળની સેવાઓ એક દરજ્જા (સ્ટેટસ) ના સ્વરૂપમાં છે, જેની મુખ્ય લાક્ષણિકતા જાહેર હિતના સમર્થન માટે નિયમોમાં એકપક્ષીય રીતે ફેરફાર કરવાની રાજ્યની જરૂરિયાત છે - પ્રતિવાદીઓની સેવાઓને સંચાલિત કરતા ૨૦૦૬ ના નિયમો તેઓ અધિસૂચિત થયા પછી તરત જ અમલમાં આવ્યા હતા - પ્રતિવાદીઓને ૧૯૬૬ ના નિયમો અનુસાર ધ્યાને લેવા સક્ષમ બનાવે તેવી કોઈ જોગવાઈ ઉક્ત નિયમોમાં નથી - વધુમાં, એવો કોઈ અન્ય અધિકાર નથી કે જે પ્રતિવાદી નં ૧ થી ૩ આવી વિચારણા માટે દાવો કરી શકે - નિયમોમાં સુધારો કરીને વધારાની જગ્યાઓ ઊભી કરીને કેડરની પુનઃરચના કરવાના અને સીધી ભરતીની જોગવાઈ કરવાના તેના નીતિ વિષયક નિર્ણય પર આધારિત સરકારની દલીલ સ્વીકારવામાં આવે છે - આમ, હાઈકોર્ટનો ચુકાદો બાજુ પર રાખવામાં આવે છે - અનુચ્છેદ ૩૦૯, ૩૧૦, ૩૧૧ - ભારતના સંવિધાન.

ભારતનું સંવિધાન: અનુચ્છેદ ૩૧૦ - પ્રસાદનો સિદ્ધાંત (ડોક્ટ્રિન ઓફ પ્લેઝર) - હેતુ/ઉદ્દેશ - જણાવેલ.

અપીલો મંજૂર કરતા, કોર્ટે ઠેરવેલ કે:

૧.૧ રંગૈયાના કેસને અલગ પાડતા પંદર કેસોની સમીક્ષા એ દર્શાવશે કે કોર્ટ રંગૈયામાં ઘડવામાં આવેલી વ્યાપક દરખાસ્તમાં સતત અપવાદો શોધી રહી છે. આ ચુકાદાઓમાં મળેલા તારણો, જે રંગૈયા દ્વારા ઘડવામાં આવેલી દરખાસ્ત પર સીધી અસર કરે છે તે એ છે કે સાર્વત્રિક લાગુ પડતો એવો કોઈ નિયમ નથી કે ખાલી જગ્યાઓ અનિવાર્યપણે તે તારીખે અસ્તિત્વમાં રહેલા કાયદાના આધારે જ ભરવી જોઈએ જે તારીખે તે ઊભી થઈ હોય, રંગૈયાના કેસને તેમાં સામેલ નિયમોના સંદર્ભમાં સમજવો જોઈએ; કે હવે કાયદાની એ સ્થાપિત દરખાસ્ત છે કે ઉમેદવારને અસ્તિત્વમાં રહેલા નિયમોના પ્રકાશમાં ધ્યાને લેવાનો અધિકાર છે, જેનો અર્થ એ છે કે જે તારીખે વિચારણા થાય તે તારીખે "અમલમાં રહેલો નિયમ"; કે બઢતી માટે ધ્યાને લેવાનો અધિકાર પાત્ર ઉમેદવારોની વિચારણાની તારીખે ઉદ્ભવે છે; સરકાર નિયમોના સુધારા પહેલાં ઉદ્ભવતી ખાલી જગ્યાઓ ન ભરવાનો સભાન નીતિ વિષયક નિર્ણય લેવા માટે હકદાર છે. સરકાર દ્વારા લેવામાં આવેલા નીતિ વિષયક નિર્ણયને ધ્યાનમાં લેતા, રદ કરાયેલા નિયમો અનુસાર બઢતી માટે ધ્યાને લેવા માટે કર્મચારી કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર (વેસ્ટેડ રાઇટ) પ્રાપ્ત કરતો નથી. જો યુનિટના કાર્યક્ષમ કામકાજ માટે કેડરની પુનઃરચના કરવાનો ઈરાદો હોય તો જૂના નિયમો અનુસાર નિમણૂકો કરવાની સરકાર માટે કોઈ જવાબદારી નથી. એકમાત્ર જરૂરિયાત એ છે કે સરકારના નીતિ વિષયક નિર્ણયો ન્યાયી અને વાજબી હોવા જોઈએ અને અનુચ્છેદ ૧૪ ની કસોટી પર ન્યાયી ઠેરવી શકાય તેવા હોવા જોઈએ. રંગૈયાના

સિદ્ધાંતને માત્ર એટલા માટે લાગુ કરવાની જરૂર નથી કારણ કે જગ્યાઓ ઊભી કરવામાં આવી હતી, કારણ કે નિમણૂક કરનાર સત્તાધિકારી માટે તરત જ જગ્યાઓ ભરવી ફરજિયાત નથી. જ્યારે સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ પર નિમણૂકો ધ્યાને લેવાની રાજ્ય પર કોઈ વૈધાનિક ફરજ લાદવામાં આવી ન હોય, ત્યારે રાજ્યને કેસો ધ્યાને લેવાનો નિર્દેશ આપી શકાય નહીં. [પેરા ૩૬][૮૯૫-એફ-જી; ૮૯૬-એ-ડી]

૧.૨ રંગૈયાના કેસને અલગ પાડતા પંદર નિર્ણયોમાં કરવામાં આવેલા ઉક્ત અવલોકનો દર્શાવે છે કે તેમાં જાહેર કરાયેલો વ્યાપક સિદ્ધાંત નોંધપાત્ર રીતે નબળો પડી ગયો છે. રંગૈયાને અલગ પાડતા લગભગ તમામ નિર્ણયો ઠરાવે છે કે એવો કોઈ સાર્વત્રિક લાગુ પડતો નિયમ નથી કે ખાલી જગ્યાઓ અનિવાર્યપણે તે તારીખે અસ્તિત્વમાં રહેલા કાયદાના આધારે જ ભરવી જોઈએ જે તારીખે તે ઊભી થઈ હોય. આનો અર્થ માત્ર એટલો જ થાય છે કે રંગૈયાનો નિર્ણય તે કેસના તથ્યો પૂરતો મર્યાદિત છે. [પેરા ૩૭.૧][૮૯૬-ઈ-એફ]

૧.૩ આ પંદર નિર્ણયોમાં સતત જોવા મળેલા તારણો કે રંગૈયાના કેસને તેના પોતાના તથ્યોના સંદર્ભમાં જોવો જોઈએ, તેની સાથે તેમાં કરાયેલી ઘોષણાઓ કે એવો કોઈ સાર્વત્રિક લાગુ પડતો નિયમ નથી કે ખાલી જગ્યાઓ અનિવાર્યપણે તે તારીખે અસ્તિત્વમાં રહેલા નિયમોના આધારે જ ભરવી જોઈએ જે તારીખે તે ઊભી થઈ હોય, તે કોર્ટને એવા નિષ્કર્ષ પર આવવા મજબૂર કરે છે કે રંગૈયાનો નિર્ણય ગર્ભિત રીતે ઓવરરૂલ (રદબાતલ) કરવામાં આવ્યો છે. જો કે,

આ અસરની કાયદાની કોઈ ઘોષણા ન હોવાથી, તે પૂર્વ ઉદાહરણ (પ્રેસિડેન્ટ) તરીકે ટાંકવામાં આવી રહ્યો છે અને કોર્ટ તેને કોઈને કોઈ કારણોસર અલગ પાડી રહી છે. સ્પષ્ટતા અને નિશ્ચિતતા માટે, તેથી, એ ઠરાવવું જરૂરી છે કે વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ માં એવું વિધાન કે, "સુધારેલા નિયમો પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં", તે સંવિધાનના ભાગ ૧૪ હેઠળ સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓને સંચાલિત કરતા કાયદાની સાચી દરખાસ્તને પ્રતિબિંબિત કરતું નથી, તેને આથી ઓવરરૂલ (રદબાતલ) કરવામાં આવે છે; અને સંઘ અને રાજ્યોની સેવા કરતા વ્યક્તિઓના અધિકારો અને જવાબદારીઓ સેવાઓને સંચાલિત કરતા નિયમોમાંથી મેળવવાના રહેશે. [પેરા ૩૭.૩][૮૯૭-સી-એફ]

વાય. વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ ***(૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪ - ઓવરરૂલ.***

૧.૪ તથ્યો પર, કોર્ટે નોંધ્યું કે હાઇકોર્ટે એવા આધાર પર કાર્યવાહી કરી હતી કે ૨૫/૧૧/૨૦૦૬ ના રોજ નિયમોના સુધારા પહેલાં ઉદ્ભવતી ખાલી જગ્યાઓ ૧૯૬૬ ના નિયમો દ્વારા સંચાલિત થવી જોઈએ. હાઇકોર્ટના નિર્ણયે ૨૦/૦૭/૨૦૦૬ ના આંતર-વિભાગીય પત્ર દ્વારા મંજૂર કરાયેલી શ્રમ અધિકારીઓની ૭ નવી જગ્યાઓને પણ તેના દાયરામાં લીધી હતી, જેમાં સીધી ભરતી માટે ફાળવવામાં આવેલી ૩ જગ્યાઓનો પણ સમાવેશ થતો હતો. સીધી ભરતી માટે ફાળવવામાં આવેલી ૩ જગ્યાઓને પણ સામેલ કરવાનો હાઇકોર્ટનો

નિર્દેશ એવા કારણોસર હતો કે જગ્યાઓ ૨૦/૦૭/૨૦૦૬ ના રોજ મંજૂર કરવામાં આવી હતી, જે ૨૫/૧૧/૨૦૦૬ ના રોજ નિયમોના સુધારા પહેલાની છે. [પેરા ૩૮.૧][૮૯૭-એફ-એચ]

૧.૫ સેવાઓનું સંચાલન કરતા નિયમોની બહાર કર્મચારી માટે કોઈ અધિકાર નથી. રાજ્ય હેઠળની સેવાઓ એક દરજ્જા (સ્ટેટસ) ના સ્વરૂપમાં છે, જેની મુખ્ય લાક્ષણિકતા જાહેર હિતના સમર્થન માટે નિયમોમાં એકપક્ષીય રીતે ફેરફાર કરવાની રાજ્યની જરૂરિયાત છે. પ્રતિવાદીઓની સેવાઓને સંચાલિત કરતા ૨૦૦૬ ના નિયમો તેઓ અધિસૂચિત થયા પછી તરત જ અમલમાં આવ્યા હતા. પ્રતિવાદીઓને ૧૯૬૬ ના નિયમો અનુસાર ધ્યાને લેવા સક્ષમ બનાવે તેવી કોઈ જોગવાઈ ઉક્ત નિયમોમાં નથી. આ બાબત અહીં જ સમાપ્ત થવી જોઈએ. આવી વિચારણા માટે પ્રતિવાદી નં ૧ થી ૩ અન્ય કોઈ અધિકારનો દાવો કરી શકતા નથી. [પેરા ૩૮.૨][૮૯૮-એ-સી]

યુનિયન ઓફ ઈન્ડિયા વિ. તુલસીરામ પટેલ ***(૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮ : [૧૯૮૫] ૨ સપ્લી. એસ.સી.આર. ૧૩૧;*** *રોશન લાલ ટંડન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા* ***(૧૯૬૮) ૧ એસ.સી.આર. ૧૮૫ – અનુસરવામાં આવ્યું.***

૧.૬ વધારાની જગ્યાઓ ઊભી કરીને કેડરની પુનઃરચના કરવાના અને નિયમોમાં સુધારો કરીને સીધી ભરતીની જોગવાઈ કરવાના તેના નીતિ વિષયક નિર્ણય પર આધારિત સરકારની વૈકલ્પિક દલીલ, સુધારા પહેલાં ઊભી

થયેલી ખાલી જગ્યાઓ ન ભરવાના ન્યાયીપણા તરીકે, કોર્ટના નિર્ણયો દ્વારા સંપૂર્ણપણે સમર્થિત છે. [પેરા ૩૯.૧][૮૯૮-સી-ડી]

ડો. કે. રામુલુ અને અન્ય વિ. ડો. એસ. સૂર્યપ્રકાશ રાવ (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૫૯ : [૧૯૯૭] ૧ એસ.સી.આર. ૨૮૭; રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન વિ. ચનન રામ (૧૯૯૮) ૪ એસ.સી.સી. ૨૦૨ : [૧૯૯૮] ૧ એસ.સી.આર. ૧૦૯૯; જી. વેંકટેશ્વર રાવ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૯) ૮ એસ.સી.સી. ૪૫૫; શ્યામા ચરણ ડેશ વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સા (૨૦૦૩) ૪ એસ.સી.સી. ૨૧૮ : [૨૦૦૩] ૨ એસ.સી.આર. ૮૯૯; સ્ટેટ ઓફ પંજાબ વિ. અરુણ કુમાર અગ્રવાલ (૨૦૦૭) ૧૦ એસ.સી.સી. ૪૦૨ : [૨૦૦૭] ૬ એસ.સી.આર. ૮; દીપક અગ્રવાલ વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૧) ૬ એસ.સી.સી. ૭૨૫ : [૨૦૧૧] ૪ એસ.સી.આર. ૧૪૯; સ્ટેટ ઓફ ત્રિપુરા વિ. નિખિલ રંજન ચક્રવર્તી (૨૦૧૭) ૩ એસ.સી.સી. ૬૪૬; સ્ટેટ ઓફ ઓરિસ્સા વિ. ધરિન્દ્ર સુંદર દાસ (૨૦૧૯) ૬ એસ.સી.સી. ૨૭૦ : [૨૦૧૯] ૭ એસ.સી.આર. ૧૯૭; યુનિયન ઓફ ઇન્ડિયા વિ. કૃષ્ણ કુમાર (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૩૧૯ : [૨૦૧૯] ૧ એસ.સી.આર. ૯૮૨; રાજસ્થાન સ્ટેટ સ્પોર્ટ્સ કાઉન્સિલ વિ. ઉમા દાધીચ (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૩૧૬ : [૨૦૧૯] ૧ એસ.સી.આર. ૫૮૫ પર આધાર રાખવામાં આવ્યો.

૧.૭ રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રી દર્શાવે છે કે શ્રમ અધિકારીઓની વધારાની જગ્યાઓ ૨૦/૦૭/૨૦૦૬ ના રોજ ઊભી કરવામાં

આવી છે અને ત્યારબાદ તરત જ ૧૨ શ્રમ ઝોન બનાવવામાં આવ્યા હતા. આ પછી ૨૫/૧૧/૨૦૦૬ થી અમલમાં આવતા નિયમોમાં સુધારો કરીને કેડરની પુનઃરચના કરવામાં આવી હતી. તથ્યો રાજ્ય દ્વારા કરવામાં આવેલી વૈકલ્પિક સબમિશનને સંપૂર્ણપણે ન્યાયી ઠેરવે છે અને કોર્ટને ઉક્ત સબમિશન સ્વીકારવામાં કોઈ સંકોચ નથી. આમ, હાઇકોર્ટનો તારીખ ૨૮/૧૨/૨૦૦૯ નો ચુકાદો બાજુ પર રાખવામાં આવે છે. [પેરા ૩૯.૨ અને ૪૦][૮૯૮-ડી-ઈ]

ડી. રઘુ વિ. આર. બસવેશ્વરુદુ ૨૦૨૦ એસ.સી.સી. ઓનલાઈન ૧૨૪; બી. પી. સિંઘલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૦) ૬ એસ.સી.સી. ૩૩૧; યુનિયન ઓફ ઈન્ડિયા વિ. અરુણ કુમાર રોય (૧૯૮૬) ૧ એસ.સી.સી. ૬૭૬; નારાયણ વિ. પુરુષોત્તમ (૨૦૦૮) ૫ એસ.સી.સી. ૪૧૬ : [૨૦૦૮] ૬ એસ.સી.આર. ૧૦૫૫; બ્રિજ લાલ મોહન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૨) ૬ એસ.સી.સી. ૫૦૨ : [૨૦૧૨] ૫ એસ.સી.આર. ૩૦૫; સૈયદ ખાલિદ રિઝવી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ૧૯૯૩ સપ્લી (૩) એસ.સી.સી. ૫૭૫ : [૧૯૯૨] ૩ સપ્લી. એસ.સી.આર. ૧૮૦; હરદેવ સિંહ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૧) ૧૦ એસ.સી.સી. ૧૨૧; પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી. (૧૯૮૮) સપ્લી એસ.સી.સી. ૬૪૦ : [૧૯૮૮] સપ્લી. એસ.સી.આર. ૮૦૫; એન. ટી. દેવિન કત્તી વિ. કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૧૫૬; એ. એ. કાલ્ટન વિ. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન અને અન્ય (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૩૩; પી. મહેન્દ્રન અને અન્ય વિ. સ્ટેટ ઓફ કર્ણાટક (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૪૧૧ :

[૧૯૮૯] ૨ સપ્લી. એસ.સી.આર. ૩૮૫; સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. આર. દયાળ (૧૯૯૭) ૧૦ એસ.સી.સી. ૪૧૯ : [૧૯૯૭] ૨ એસ.સી.આર. ૧૦૮; બી. એલ. ગુપ્તા વિ. એમ.સી.ડી. (૧૯૯૮) ૯ એસ.સી.સી. ૨૨૩; અર્જુન સિંહ રાઠોડ વિ. બી.એન. ચતુર્વેદી (૨૦૦૭) ૧૧ એસ.સી.સી. ૬૦૫ : [૨૦૦૭] ૧૧ એસ.સી.આર. ૩૨૦; સ્ટેટ ઓફ બિહાર વિ. મિથિલેશ કુમાર (૨૦૧૦) ૧૩ એસ.સી.સી. ૪૬૭ : [૨૦૧૦] ૧૦ એસ.સી.આર. ૧૬૧; કુલવંત સિંહ વિ. દયા રામ (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૧૭૭ : [૨૦૧૪] ૧૧ એસ.સી.આર. ૧૦૫૩; રિચા મિશ્રા વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ (૨૦૧૬) ૪ એસ.સી.સી. ૧૭૯ : [૨૦૧૬] ૧ એસ.સી.આર. ૩૧૬; યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એસ.એસ. ઉપ્પલ (૧૯૯૬) ૨ એસ.સી.સી. ૧૬૮ : [૧૯૯૬] ૧ એસ.સી.આર. ૨૩૦; શંકરશન દાસ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૯૧) ૩ એસ.સી.સી. ૪૭ : [૧૯૯૧] ૨ એસ.સી.આર. ૫૬૭; સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિ. કાશીનાથ ખેર (૧૯૯૬) ૮ એસ.સી.સી. ૬૬૨; દિલ્હી જ્યુડિશિયલ સર્વિસીસ એસોસિએશન વિ. દિલ્હી હાઇકોર્ટ (૨૦૦૧) ૫ એસ.સી.સી. ૧૪૫ : [૨૦૦૧] (૩) એસ.સી.આર. ૩૧૪; એમ.આઈ. કુંજુકુંજુ વિ. સ્ટેટ ઓફ કેરળ (૨૦૧૫) ૧૧ એસ.સી.સી. ૪૪૦; ડી. રઘુ વિ. આર. બસવેશ્વરુડુ (૨૦૨૦) ૧૮ એસ.સી.સી. ૧ - નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

'લો રિલેટિંગ ટુ પબ્લિક સર્વિસીસ', સમરાદિત્ય પાલ, ૩ જી આવૃત્તિ, લેક્સિસ નેક્સિસ, ૨૦૧૧ પેરા ૭.૧ - નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

કેસ લો રેફરન્સ (સંદર્ભ)

[૧૯૯૭] ૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૩.૨
એસ.સી.આર. ૨૮૭		
[૨૦૧૧] ૪	આધાર રાખવામાં આવ્યો	પેરા ૩.૨
એસ.સી.આર. ૧૪૯		
[૨૦૧૯] ૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૩.૨
એસ.સી.આર. ૯૮૨		
(૨૦૧૦) ૬	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૮
એસ.સી.સી. ૩૩૧		
(૧૯૮૬) ૧	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૦
એસ.સી.સી. ૬૭૭		
[૨૦૦૮] ૬	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૦
એસ.સી.આર. ૧૦૫૫		
[૨૦૧૨] ૫	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૦
એસ.સી.આર. ૩૦૫		

[૧૯૯૨] ૩ સપ્લી.	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૦(૬)
એસ.સી.આર. ૧૮૦		
(૨૦૧૧) ૧૦	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૦(૬)
એસ.સી.સી. ૧૨૧		
[૧૯૯૮] ૧	આધાર રાખવામાં આવ્યો	પેરા ૧૦(૭)
એસ.સી.આર. ૧૦૯૯		
[૧૯૮૮] સપ્લી.	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૧
એસ.સી.આર. ૮૦૫		
(૧૯૯૦) ૩	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૩.૧
એસ.સી.સી. ૧૫૭		
(૧૯૮૩) ૩	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૩.૧
એસ.સી.સી. ૩૩		
[૧૯૮૯] ૨ સપ્લી.	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૩.૧
એસ.સી.આર. ૩૮૫		
[૧૯૯૭] ૨	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૪
એસ.સી.આર. ૧૦૮		

[૧૯૯૮] ૯	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૫.૧
એસ.સી.સી. ૨૨૩		
[૨૦૦૭] ૧૧	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૬.૧
એસ.સી.આર. ૩૨૦		
[૨૦૧૦] ૧૦	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૭.૧
એસ.સી.આર. ૧૬૧		
[૨૦૧૪] ૧૧	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૮
એસ.સી.આર. ૧૦૫૩		
[૨૦૧૬] ૧	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૧૯.૧
એસ.સી.આર. ૩૧૬		
[૧૯૯૬] ૧	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૨૧
એસ.સી.આર. ૨૩૦		
[૧૯૯૧] ૨	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૨૧
એસ.સી.આર. ૫૬૭		
(૧૯૯૬) ૮	ઉલ્લેખ કરવામાં આવ્યો	પેરા ૨૨
એસ.સી.સી. ૭૬૨		

(૧૯૯૯) ૮ આધાર રાખવામાં આવ્યો પેરા ૨૫.૧

એસ.સી.સી. ૪૫૫

[૨૦૦૧] ૩ ઉલ્લેખ કરવામાં આવ્યો પેરા ૨૬.૧

એસ.સી.આર. ૩૧૪

[૨૦૦૩] ૨ આધાર રાખવામાં આવ્યો પેરા ૨૭.૧

એસ.સી.આર. ૮૯૯

[૨૦૦૭] ૬ આધાર રાખવામાં આવ્યો પેરા ૨૮.૧

એસ.સી.આર. ૮

(૨૦૧૫) ૧૧ ઉલ્લેખ કરવામાં આવ્યો પેરા ૩૦.૧

એસ.સી.સી. ૪૪૦

(૨૦૧૭) ૩ આધાર રાખવામાં આવ્યો પેરા ૩૧.૧

એસ.સી.સી. ૬૪૬

[૨૦૧૯] ૭ આધાર રાખવામાં આવ્યો પેરા ૩૩.૧

એસ.સી.આર. ૧૯૭

[૨૦૧૯] ૧ આધાર રાખવામાં આવ્યો પેરા ૩૪.૧

એસ.સી.આર. ૫૮૫

(૨૦૨૦) ૧૮ ઉલ્લેખ કરવામાં આવ્યો પેરા ૩૫

એસ.સી.સી. ૧

(૧૯૮૩) ૩ ઓવરરૂલ (રદબાતલ) પેરા ૩૭.૩

એસ.સી.સી. ૨૮૪

[૧૯૮૫] ૨ સપ્લી. અનુસરવામાં આવ્યું પેરા ૩૮.૨

એસ.સી.આર. ૧૩૧

[૧૯૬૮] ૧ અનુસરવામાં આવ્યું પેરા ૩૮.૨

એસ.સી.આર. ૧૮૫

સિવિલ અપીલ અધિકારક્ષેત્ર:

સિવિલ અપીલ નં. ૯૭૪૬/૨૦૧૧.

શિમલા ખાતે હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના સિવિલ રિટ પિટિશન નં. ૩૦૨૮/૨૦૦૮ માં તારીખ ૨૮/૧૨/૨૦૦૯ ના ચુકાદા અને આદેશમાંથી.

તેની સાથે

સિવિલ અપીલ નં. ૯૭૪૭/૨૦૧૧.

અભિનવ મુખર્જી, એએજી, પી. એસ. પટવાલીયા, કુમારી અપરાજિતા સિંહ, રવીન્દ્ર કુમાર રાયઝાદા, સિનિયર એડવોકેટ્સ, શ્રીમતી બિહુ શર્મા, કુમારી પ્રતિષ્ઠા વિજ, અક્ષય સી. શ્રીવાસ્તવ, વિશાલ શર્મા, પ્રસંજીત કેસવાની, મહેશ કુમાર, નિખિલેશ કુમાર, કુમારી દેવિકા ખન્ના, શ્રીમતી વી. ડી. ખન્ના, વીએમઝેડ ચેમ્બર્સ, કુમારી દિવ્યા રોય, અક્ષય અમૃતાંશુ, કાર્તિકેય સિંહ, આશુતોષ જૈન, અંકિત કુમાર લાલ, વરિન્દર કુમાર શર્મા, ઉમંગ શંકર, મધુર સિંઘલ, નિર્મલ સિંહ, રામજી પાંડે, અપીલકર્તાઓ વતી એડવોકેટ્સ.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ પામિદિઘંતમ શ્રી નરસિમ્હા દ્વારા આપવામાં આવેલ:

૧.૧ આ અપીલો હિમાચલ પ્રદેશ હાઇકોર્ટના રિટ પિટિશન મંજૂર કરવાના અને રાજ્યને રિટ પિટિશનરોના કેસ, જેઓ અહીં પ્રતિવાદી નં ૧ થી ૩ છે, તેઓને ખાલી જગ્યાઓ ઊભી થઈ ત્યારે અસ્તિત્વમાં રહેલા નિયમો હેઠળ બઢતી માટે ધ્યાને લેવાનો નિર્દેશ આપતા અને ત્યારબાદ સુધારેલા નિયમો અનુસાર નહીં તેવા નિર્ણયમાંથી ઉદ્ભવે છે. આ નિર્દેશો કોર્ટના વાય. વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ ના કેસના નિર્ણય પર આધારિત હતા[1]. અમે નોંધ્યું છે કે કોર્ટના સંખ્યાબંધ નિર્ણયોએ રંગૈયાનું અનુકરણ કર્યું છે, અને તેનાથી પણ વધુ નિર્ણયોએ તેને અલગ પાડ્યો છે, તેથી અમારે આ મુદ્દાની નવેસરથી તપાસ કરવી પડી. પ્રશ્ન એ છે કે નિયમોના સુધારા પહેલાં ખાલી પડેલી જાહેર જગ્યાઓ પરની નિમણૂકો જૂના નિયમો દ્વારા સંચાલિત થશે કે નવા નિયમો દ્વારા. રાજ્ય હેઠળની

1 વાય. વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪, જે હવે પછી 'રંગૈયા' તરીકે ઉલ્લેખિત છે.

સેવાઓની બંધારણીય સ્થિતિના સંદર્ભમાં આ સિદ્ધાંતની તપાસ કર્યા પછી, અને તે પરિપ્રેક્ષ્યમાં રંગૈયાનું અનુકરણ કરનારા અથવા તેને અલગ પાડનારા નિર્ણયોની સમીક્ષા કર્યા પછી, અમે કાનૂની સિદ્ધાંતો ઘડ્યા છે જે રાજ્ય હેઠળની સેવાઓને સંચાલિત કરવા જોઈએ. ઉક્ત સિદ્ધાંતો લાગુ કરીને, અમે ઠરાવ્યું છે કે રંગૈયામાં ઘડવામાં આવેલી વ્યાપક દરખાસ્ત સાચી બંધારણીય સ્થિતિને પ્રતિબિંબિત કરતી નથી. આમ અમે જે સિદ્ધાંતો નક્કી કર્યા છે તેને અનુસરીને અમે અપીલો મંજૂર કરી છે.

૧.૨ અમે પ્રથમ વર્તમાન વિવાદ તરફ દોરી જતા તથ્યોનો ઉલ્લેખ કરીશું.

<u>**તથ્યો:**</u>

૧.૩ સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા તારીખ ૦૧/૦૩/૧૯૬૬ ના હિમાચલ પ્રદેશ ભરતી અને બઢતી નિયમો, ૧૯૬૬ [2]શ્રમ અધિકારીની જગ્યાને સંચાલિત કરે છે. શ્રમ અધિકારીઓની ૫ જગ્યાઓ હતી અને આ જગ્યાઓ (૧) ફેક્ટરી નિરીક્ષકો, (૨) શ્રમ નિરીક્ષકો અને (૩) સચિવાલય અધિક્ષકો, જેઓ ફીડર કેટેગરી છે, તેમાંથી બઢતી દ્વારા ભરવાની હતી. ૨૦/૦૭/૨૦૦૬ ના રોજ, સેક્રેટરી, શ્રમ અને રોજગાર વિભાગે શ્રમ કમિશનરને પત્ર લખીને વિભાગમાં વધારાની જગ્યાઓ ઊભી કરવાની મંજૂરી અંગે જાણ કરી હતી, જેમાં અન્ય બાબતોની સાથે શ્રમ

2 જે હવે પછી '૧૯૬૬ ના નિયમો' તરીકે ઉલ્લેખિત છે.

અધિકારીઓ માટે વધુ ૭ જગ્યાઓનો સમાવેશ થતો હતો. ઉક્ત નિર્ણયના પરિણામે, શ્રમ અધિકારીઓની કુલ જગ્યાઓ ૫ થી વધીને ૧૨ થઈ. આ સમયે પ્રતિવાદી નં ૧ થી ૩ રાજ્યની સેવામાં શ્રમ નિરીક્ષક તરીકે કામ કરી રહ્યા હતા.

૧.૪ વધારાની જગ્યાઓની મંજૂરીના ચાર મહિનાની અંદર, ૧૯૬૬ ના નિયમોમાં ૨૫/૧૧/૨૦૦૬ ના રોજ સુધારો કરવામાં આવ્યો. એચ.પી. શ્રમ અને રોજગાર વિભાગ, શ્રમ અધિકારીઓ, વર્ગ-૨ (ગેઝેટેડ) મિનિસ્ટ્રીયલ સર્વિસીસ આર એન્ડ પી નિયમો, ૨૦૦૬ [3]નામના નવા નિયમો હેઠળ, શ્રમ અધિકારીની જગ્યા પર ભરતી અનુક્રમે ૭૫ ટકા અને ૨૫ ટકાના ગુણોત્તરમાં બઢતી તેમજ સીધી ભરતી દ્વારા કરવાની રહેશે. શ્રમ અધિકારીઓની ૭ નવી જગ્યાઓ સાથે જોડાયેલા નવા નિયમોની અસર એ થઈ કે, શ્રમ અધિકારીઓની કુલ ૧૨ જગ્યાઓમાંથી, બઢતીની જગ્યાઓ ૫ થી વધીને ૯ (૭૫ ટકા હોવાને કારણે) થઈ અને સીધી ભરતીની જગ્યાઓ ૩ (૨૫ ટકા હોવાને કારણે) થઈ. ત્યારબાદ તરત જ સરકારે રાજ્યમાં ૧૨ શ્રમ ઝોન બનાવતી અધિસૂચના બહાર પાડી.

૧.૫ ઉપર દર્શાવેલ પૃષ્ઠભૂમિમાં જ પ્રતિવાદી નં ૧ થી ૩ એ સીધી ભરતી દ્વારા શ્રમ અધિકારીઓની ૨૫ ટકા જગ્યાઓ ભરવાની રાજ્ય સરકારની પ્રસ્તાવિત કાર્યવાહીને પડકારતી એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો હતો. તેઓએ દલીલ કરી હતી કે જુલાઈ ૨૦૦૬ માં ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી, જે

3 જે હવે પછી 'નવા નિયમો' તરીકે ઉલ્લેખિત છે.

નવા નિયમોના પ્રખ્યાપન પહેલાની છે અને તેથી તમામ ખાલી જગ્યાઓ માત્ર બઢતી દ્વારા જ ભરવી જોઈએ. તેના તારીખ ૨૪/૦૧/૨૦૦૭ ના આદેશ દ્વારા, ટ્રિબ્યુનલે રાજ્ય સરકારને ઓરિજિનલ એપ્લિકેશનમાં ઉઠાવવામાં આવેલી ફરિયાદ પર એવી રીતે વિચાર કરવાનો નિર્દેશ આપ્યો કે જાણે તે તેને આપેલી રજૂઆત હોય. સરકાર દ્વારા ૨૭/૦૬/૨૦૦૭ ના રોજ રજૂઆત પર વિચાર કરવામાં આવ્યો અને તેને નકારી કાઢવામાં આવી. અસ્વીકારને પડકારતાં, પ્રતિવાદીઓ દ્વારા રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલ સમક્ષ બીજી ઓરિજિનલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી.

૧.૬ જ્યારે આ બાબત ટ્રિબ્યુનલ સમક્ષ પડતર હતી, ત્યારે રાજ્ય સરકારે આગળની કાર્યવાહી કરી અને એચ.પી. પબ્લિક સર્વિસ કમિશન દ્વારા એક જાહેરાત બહાર પાડી, જેમાં સીધી ભરતીના ક્વોટા હેઠળ શ્રમ અધિકારીઓની ૩ જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી. પબ્લિક સર્વિસ કમિશને ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી અને પ્રતિવાદી નં ૪ થી ૬ ના નામોની ભલામણ કરી. ભલામણ સ્વીકારવામાં આવી અને ઉક્ત પ્રતિવાદીઓની નિમણૂક કરવામાં આવી. તે વિવાદમાં નથી કે તેઓ ૦૪ અને ૦૫ નવેમ્બર, ૨૦૦૮ ના રોજ ફરજ પર હાજર થયા હતા. ઉક્ત નિમણૂકોની કાયદેસરતા અને માન્યતા પર સવાલ ઉઠાવતા, પ્રતિવાદી નં ૧ થી ૩ એ હિમાચલ પ્રદેશ હાઇકોર્ટ સમક્ષ સિવિલ રિટ પિટિશન નં. ૩૦૨૮/૨૦૦૮ દાખલ કરી, જેને હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે ૨૮/૧૨/૨૦૦૯ ના રોજ વાદગ્રસ્ત હુકમ દ્વારા મંજૂર કરી. ડિવિઝન બેન્ચના

નિર્ણયને પડકારતાં હિમાચલ પ્રદેશ રાજ્યે કોર્ટ સમક્ષ સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરી, જેમાંથી ૦૮/૧૧/૨૦૧૧ ના રોજ લીવ મંજૂર થયા બાદ વર્તમાન સિવિલ અપીલ ઉદ્ભવે છે. તેવી જ રીતે, સીધી ભરતીના નિમણૂક પામેલા પ્રતિવાદી નં ૪ થી ૬ એ પણ સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરી હતી, જેને લીવ મંજૂર થયા પછી સિવિલ અપીલ નં. ૯૭૪૭/૨૦૧૧ તરીકે ક્રમાંકિત કરવામાં આવી છે.

૨. પ્રતિવાદી નં ૧ થી ૩ વતી કરવામાં આવેલી એકમાત્ર દલીલ, જેને ડિવિઝન બેન્ચે સ્વીકારી હતી તે એ હતી કે નવા નિયમોના પ્રખ્યાપન પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે માત્ર ૧૯૬૬ ના નિયમો અનુસાર જ ભરવાની હતી અને નવા નિયમો અનુસાર નહીં. હાઇકોર્ટે આ મુદ્દો ઘડ્યો અને વાય. વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ (ઉપર મુજબ) ના કેસમાં કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણય દ્વારા તે આવરી લેવામાં આવ્યો છે તેવા કારણોસર રિટ પિટિશન મંજૂર કરવા આગળ વધી. ચુકાદાનો કાર્યકારી ભાગ અહીં સરળ સંદર્ભ માટે બહાર કાઢવામાં આવ્યો છે:

> *"ભરતી અને બઢતી નિયમોમાં સુધારા પહેલાં ઉદ્ભવતી ખાલી જગ્યાઓ જૂના ભરતી અને બઢતી નિયમો અનુસાર ભરવાની છે કે નવા ભરતી અને બઢતી નિયમો દ્વારા ભરવાની છે તે પ્રશ્ન કોર્ટના નામદાર ન્યાયમૂર્તિઓ દ્વારા વાય.વી. રંગૈયા અને અન્ય લોકો વિરૂદ્ધ જે. શ્રીનિવાસ રાવ, (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪ માં નક્કી*

કરાયેલા કાયદાને ધ્યાનમાં લેતા હવે રેસ ઇન્ટેગ્રા (અનિર્ણિત) રહ્યો નથી."

<u>દલીલો:</u>

૩.૧ આ અપીલોમાં, અમે અપીલકર્તા-રાજ્ય વતી સિનિયર એડવોકેટ્સ શ્રી પી.એસ. પટવાલીયા અને તેઓના મદદનીશ એડવોકેડ-ઓન-રેકોર્ડ શ્રી અભિનવ મુખર્જીને સાંભળ્યા, અને પ્રતિવાદીઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન એડવોકેટ શ્રી પ્રસંજીત કેશવાની તેમજ અન્ય કેટલાક પ્રતિવાદીઓ વતી હાજર રહેલા એડવોકેટ-ઓન-રેકોર્ડ કુમારી દિવ્યા રોયના મદદનીશ સિનિયર એડવોકેટ શ્રી રવીન્દ્ર કુમાર રાયઝાદાને પણ સાંભળ્યા.

૩.૨ અપીલકર્તા-રાજ્ય વતી વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી પી.એસ. પટવાલીયાએ નીચે મુજબની સબમિશન કરી હતી. શરૂઆતમાં, તેઓ રજૂઆત કરશે કે, નવા નિયમોની કાયદેસરતાને કોઈ પડકાર આપવામાં આવ્યો ન હતો અને તેથી પ્રતિવાદીઓ એવી દાદ માંગી શકે નહીં જે નિયમોની વિરુદ્ધ હોય એટલે કે જૂના નિયમો અનુસાર બઢતી દ્વારા જગ્યાઓ ભરવી. બીજું, જગ્યાઓ ઊભી કરવા અંગેની તારીખ ૦૨/૦૧/૨૦૦૭ ની અધિસૂચના પછીના તારીખ ૨૦/૦૭/૨૦૦૬ ના આંતર-વિભાગીય પત્ર એ નવી નીતિને આગળ વધારવા માટે હતા જે નિયમોમાં કરવામાં આવેલા સુધારાઓ દ્વારા અમલમાં લાવવામાં આવી હતી. તેથી એવી દલીલ કરવામાં આવી હતી કે તારીખ ૨૦/૦૭/૨૦૦૬ ના આંતર-વિભાગીય પત્રને એકલદોકલ ઘટના તરીકે જોઈ

શકાય નહીં અને તે કેડરની પુનઃરચના કરવાની વ્યાપક નીતિનો એક ભાગ છે. ત્રીજું, બઢતી માટેનો કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર (વેસ્ટેડ રાઇટ) નથી, જો કે આવી વિચારણાના સમયે જે નિયમો અમલમાં હોય તે મુજબ બઢતી માટે માત્ર ન્યાયી રીતે ધ્યાને લેવાનો અધિકાર છે. ચોથું, રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવેલી ભરતીની કવાયત સંપૂર્ણપણે રાજ્યની નીતિ વિષયક વિચારણા પર આધારિત છે જેને હાઇકોર્ટ ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહી છે. આ સબમિશનના સમર્થનમાં, કોર્ટના કે. રામુલુ[4], દીપક અગ્રવાલ અને કૃષ્ણ કુમાર ના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો[56]. અંતે એવી દલીલ કરવામાં આવી હતી કે હાઇકોર્ટે રંગૈયાના નિર્ણયને લાગુ કરવામાં ભૂલ કરી છે જે બઢતીનો કેસ હતો, જ્યારે વર્તમાન કેસ શ્રમ અધિકારીઓની જગ્યા પર સીધી ભરતી વિશે છે.

૩.૩ પ્રતિવાદીઓ વતી શ્રી કેશવાની અને ત્યારબાદ સિનિયર એડવોકેટ શ્રી રાયઝાદાએ નીચે મુજબની સબમિશન કરી હતી. તેઓ એવી દલીલ કરશે કે ૭ નવી જગ્યાઓ નવા નિયમોના પ્રખ્યાપન પહેલાં ઊભી કરવામાં આવી હતી અને નવા નિયમો ભૂતકાળની અસરથી લાગુ કરવા અંગે કોઈ સરકારી નીતિ ન હતી. બીજું, એ દર્શાવવા માટે કોઈ પુરાવા નથી કે રાજ્યે નવા નિયમો અનુસાર ભરવા માટે જગ્યાઓ ખાલી રાખવાનો સભાન નિર્ણય લીધો હતો. તેનાથી વિપરીત, તેઓ રજૂઆત કરશે કે જગ્યાઓ ઊભી કરવાની મંજૂરી આપતા તારીખ ૨૦/૦૭/૨૦૦૬ ના સંદેશાવ્યવહારમાં જણાવાયું હતું કે તેઓ નિયમિત ધોરણે

4 ડૉ. કે. રામુલુ અને અન્ય વિ. ડૉ. એસ સૂર્યપ્રકાશ રાવ (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૫૯.
5 યુનિયન ઓફ ઇન્ડિયા વિ. કૃષ્ણ કુમાર (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૩૧૯.
6 દીપક અગ્રવાલ વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૧) ૬ એસ.સી.સી. ૭૨૫.

ભરવા જોઈએ. ત્રીજું, હાઇકોર્ટ રંગૈયાના નિર્ણયને લાગુ કરવામાં સાચી હતી જેણે નિયમોના સુધારા પહેલાં ખાલી પડતી જગ્યાઓ પરની નિમણૂકો અંગે એવું ઠરાવીને કાયદો નક્કી કર્યો હતો કે તેઓ જૂના નિયમો દ્વારા સંચાલિત થવા જોઈએ અને નવા નિયમો દ્વારા નહીં. અંતે, બાકી રહેલી ખાલી જગ્યાઓ પર નવા નિયમો લાગુ કરવા માટે, નિમણૂક કરનાર સત્તાધિકારીએ એ દર્શાવવું આવશ્યક છે કે તેઓએ (૧) નવા નિયમોના પ્રખ્યાપન સુધી ખાલી જગ્યાઓ ન ભરવાનો સભાન નિર્ણય લીધો હતો અને (૨) આવો નિર્ણય સારા અને માન્ય કારણોસર હોવો જોઈએ. આ હેતુ માટે, કોર્ટના કે. રામુલુ[7], દીપક અગ્રવાલ અને ડી[8]. રઘુ ના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવ્યો છે જેથી દર્શાવી શકાય કે આવો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો[9].

<u>મુદ્દો:</u>

૪.૧ ખરો પ્રશ્ન એ છે કે નવા નિયમોના પ્રખ્યાપન પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે માત્ર જૂના નિયમો અનુસાર જ ભરવાની છે અને સુધારેલા નિયમો અનુસાર નહીં? એવી દલીલ કરવામાં આવે છે કે આ સિદ્ધાંત હવે રેસ-ઇન્ટેગ્રા (અનિર્ણિત) રહ્યો નથી કારણ કે સુપ્રિમ કોર્ટે રંગૈયાના કેસમાં આવા અધિકારને માન્યતા આપી હતી અને ત્યારબાદના મોટી સંખ્યાના નિર્ણયોમાં તેને અનુસરવામાં આવ્યો છે. પ્રતિવાદીઓ દ્વારા આવા ચુકાદાઓની યાદી કોર્ટને મોકલવામાં આવી હતી. બીજી બાજુ, એવો કોઈ અધિકાર નથી તેમ રજૂઆત

7 ડૉ. કે. રામુલુ અને અન્ય વિ. ડૉ. એસ સૂર્યપ્રકાશ રાવ (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૫૯.
8 દીપક અગ્રવાલ વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૧) ૬ એસ.સી.સી. ૭૨૫.
9 ડી. રઘુ વિ. આર. બસવેશ્વરુડુ ૨૦૨૦ એસ.સી.સી. ઓનલાઇન ૧૨૪.

કરતા, કોર્ટના નિર્ણયોની તેનાથી પણ મોટી ચાદી જેણે રંગૈયાને અલગ પાડ્યો છે તે રાજ્ય વતી અમને મોકલવામાં આવી હતી.

૪.૨ અમે એ હકીકતની નોંધ લીધી છે કે મોટી સંખ્યામાં એવા નિર્ણયો છે કે જેણે કાં તો રંગૈયાના સિદ્ધાંતનું અનુકરણ કર્યું છે અથવા તેને અલગ પાડ્યો છે. રંગૈયાના કેસના સિદ્ધાંતે સંખ્યાબંધ નિર્ણયોને જન્મ આપ્યો છે, તેમાંથી મોટાભાગના લોકોએ રંગૈયાને લાગુ કર્યો નથી અને વાસ્તવમાં, તેને અલગ પાડતી વખતે સિદ્ધાંતને નબળો પાડી દીધો છે. આ બાબતને ધ્યાનમાં લેતા, અને સ્પષ્ટતા તેમજ નિશ્ચિતતા માટે, અમારા માટે વિષયની સમીક્ષા કરવી અને સિદ્ધાંતને સરળ અને સ્પષ્ટ શબ્દોમાં પુનઃપ્રતિપાદિત કરવો જરૂરી છે.

૪.૩ અમે પહેલા રંગૈયામાં જ સ્થાપિત થયેલા સિદ્ધાંતની તપાસ કરીશું. રાજ્ય હેઠળની સેવાઓ સંબંધિત સંવિધાનના ભાગ ૧૪ માં પૂરી પાડવામાં આવેલી બંધારણીય સ્થિતિના સંદર્ભમાં અમે તેની ચકાસણી કરીશું. અમે ત્યારબાદ એવા નિર્ણયોની તપાસ કરીશું જે રંગૈયાને અનુસર્યા છે અને જેણે તેને અલગ પાડ્યો છે. સિદ્ધાંતને પુનઃપ્રતિપાદિત કર્યા પછી, અમે અમારા નિર્ણય પર આવવા માટે કેસના તથ્યો પર તેને લાગુ કરીશું.

<u>વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ ના કેસમાં નિર્ણય:</u>

૫.૧ રંગૈયાના કેસમાં અરજદારો રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ્સ વિભાગ, આંધ્ર પ્રદેશ સરકારમાં એલડીસી તરીકે કામ કરતા હતા. એ.પી. રજિસ્ટ્રેશન એન્ડ

સબઓર્ડિનેટ સર્વિસ નિયમોના નિયમ ૪(એ)(૧)(૧) હેઠળ, એલડીસીમાંથી સબ-રજિસ્ટ્રાર ગ્રેડ ૨ ની બઢતીની જગ્યાઓ પર નિમણૂકો નિયમ ૩૪ (સી) હેઠળ બનાવેલા "મંજૂર ઉમેદવારો" ની પેનલમાંથી કરવાની હતી. પેનલ દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં નિર્ધારિત સત્તાધિકારી દ્વારા તૈયાર કરવાની હતી અને તે પછીના વર્ષ માટેની યાદી તૈયાર ન થાય ત્યાં સુધી કાર્યરત રહી શકતી હતી. અગત્યની વાત એ છે કે, યાદીમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ હોય તેટલી વ્યક્તિઓના નામો હોવા આવશ્યક હતા. નિયત સમયમર્યાદામાં મંજૂર યાદી તૈયાર ન થવાને કારણે બઢતી સમયસર થઈ શકી ન હતી. તે દરમિયાન, સુધારેલા નિયમો અમલમાં આવ્યા, જે મુજબ અરજદારોએ બઢતી માટે ધ્યાને લેવાની તેમની તક ગુમાવી દીધી. તેઓએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે નવા નિયમોના આગમન સાથે બઢતી માટેની નિમણૂક માટે ધ્યાને લેવાનો તેમનો અધિકાર નાશ પામશે નહીં કારણ કે નિયમોના સુધારા પહેલાં ઊભી થયેલી ખાલી જગ્યાઓ બિન-સુધારેલા નિયમો હેઠળ ભરવાની હતી. બીજા શબ્દોમાં કહીએ તો, દલીલ એ હતી કે જૂના નિયમો હેઠળની ફરજિયાત જરૂરિયાતનું ઉલ્લંઘન થયું હતું. આ સંદર્ભમાં જ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:-

> "૯. ....જૂના નિયમો હેઠળ દર વર્ષે સપ્ટેમ્બરમાં એક પેનલ તૈયાર કરવાની હતી. તે મુજબ, વર્ષ ૧૯૭૬ માં એક પેનલ તૈયાર થવી જોઈતી હતી અને સબ-રજિસ્ટ્રાર ગ્રેડ-૨ ની જગ્યા પર બદલી અથવા બઢતી તે પેનલમાંથી થવી જોઈતી હતી. તે સંજોગોમાં, બે

પ્રતિનિધિત્વ પિટિશનમાં અરજદારો કે જેઓ પ્રતિવાદી ૩ થી ૧૫ કરતા ઉચ્ચ ક્રમ ધરાવતા હતા તેઓ બઢતી માટે ધ્યાને લેવાના તેમના અધિકારથી વંચિત ન રહ્યા હોત. સુધારેલા નિયમો પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં. બંને પક્ષોના કાઉન્સિલ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે હવેથી સબ-રજિસ્ટ્રાર ગ્રેડ ૨ ની જગ્યા પર બઢતી નવા નિયમો અનુસાર ઝોનલ ધોરણે થશે અને રાજ્યવ્યાપી ધોરણે નહીં અને તેથી, નવા નિયમોને પડકારવાનો કોઈ પ્રશ્ન ન હતો. પરંતુ પ્રશ્ન સુધારેલા નિયમો પહેલાં ઊભી થયેલી ખાલી જગ્યાઓ ભરવાનો છે. અમને સહેજ પણ શંકા નથી કે સુધારેલા નિયમો પહેલાં જે જગ્યાઓ ખાલી પડી હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને નવા નિયમો દ્વારા નહીં."

(ભાર ઉમેરેલ)

૫.૨ રંગૈયાના કેસમાં જે પ્રશ્ન ઉભો થયો હતો તે જૂના નિયમો હેઠળ ઉમેદવારોની મંજૂર યાદી તૈયાર કરવાની ફરજિયાત જવાબદારી અને ઉપલબ્ધ ખાલી જગ્યાઓ અનુસાર યાદીમાં મુકવાના વ્યક્તિઓની સંખ્યા સાથે સંબંધિત હતો. આ સંદર્ભમાં જ કોર્ટે અવલોકન કર્યું હતું કે ખાલી જગ્યાઓ જૂના નિયમો દ્વારા સંચાલિત થશે. આ નિર્ણયને એવો કોઈ અપરિવર્તનશીલ સિદ્ધાંત ઘડવા તરીકે લેવાનો નથી કે નિયમોના સુધારા પહેલાં ઉદ્ભવતી ખાલી જગ્યાઓ જૂના

નિયમો દ્વારા સંચાલિત થવી જોઈએ. એ નોંધવું અગત્યનું છે કે કોર્ટે કર્મચારીના કોઈ સ્થાપિત હિત ધરાવતા અધિકાર (વેસ્ટેડ રાઇટ) ને ઓળખ્યો નથી, જેવો કે ચોક્કસ અનુગામી કેસોમાં આ ચુકાદામાં વાંચવામાં આવ્યો છે.

૫.૩ જો કે, રંગૈયાના કેસમાં કરાયેલા અવલોકનને એક સામાન્ય સિદ્ધાંત તરીકે અર્થઘટન કરવામાં આવ્યું હોવાથી કે નિયમોના સુધારા પહેલાં ઊભી થતી ખાલી જગ્યાઓ માત્ર જૂના નિયમો અનુસાર જ ભરવાની રહેશે, તેથી અમારા માટે કાયદાની સાચી સ્થિતિની તપાસ કરવી જરૂરી છે. આ હેતુ માટે, અમે બંધારણીય સ્થિતિ અને કર્મચારી અને રાજ્ય વચ્ચેના સંબંધોને સંચાલિત કરતા દરજ્જા (સ્ટેટસ) ની તપાસ કરીશું.

<u>સંઘ અને રાજ્યોની સેવા કરતા વ્યક્તિઓનો દરજ્જો (સ્ટેટસ):</u>

૬.૧ રાજ્ય અને તેના કર્મચારીઓ વચ્ચેનો સંબંધ સંવિધાનના ભાગ ૧૪ માં જોગવાઈ પામેલો છે. આ ભાગની જોગવાઈઓ સંઘ અને રાજ્યોને કાયદા અને કારોબારી નિયમો બનાવવાની સત્તા આપે છે, જેથી સંઘ અથવા રાજ્યોની સેવા કરતા વ્યક્તિઓની ભરતી, સેવાની શરતો, [10]કાર્યકાળ [11]અને સમાપ્તિ[12]નું નિયમન કરી શકાય.

૬.૨ અનુચ્છેદ ૩૧૦ જોગવાઈ કરે છે કે, સંવિધાનમાં સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સંઘ અથવા રાજ્યોની સેવા કરતી દરેક

10 અનુચ્છેદ ૩૦૯, ભારતીય સંવિધાન.
11 અનુચ્છેદ ૩૧૦, ભારતીય સંવિધાન.
12 અનુચ્છેદ ૩૧૧, ભારતીય સંવિધાન.

વ્યક્તિ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંત (ડ્યુરિંગ ધ પ્લેઝર) હોદ્દો ધરાવે છે.

૬.૩ કાયદા બનાવવા માટે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળને મળેલી વિધાયી સત્તા, અથવા અનુચ્છેદ ૩૦૯ હેઠળ નિયમો બનાવવા માટે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલને મળેલી કારોબારી સત્તા, અનુચ્છેદ ૩૧૦ માં સમાવિષ્ટ પ્રસાદના સિદ્ધાંત (ડોક્ટ્રિન ઓફ પ્લેઝર) દ્વારા નિયંત્રિત થાય છે. આ બાબત એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૦૯ પ્રતિબંધિત કલમ, 'સંવિધાનની જોગવાઈઓને આધીન' થી શરૂ થાય છે. આ જ કારણે જાહેર કર્મચારીની સેવાની શરતો નક્કી કરવા માટે કાયદા બનાવવાની વિધાનમંડળની સત્તા અને નિયમો બનાવવાની કારોબારીની સત્તા હંમેશા અનુચ્છેદ ૩૧૦ હેઠળ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંતના કાર્યકાળને આધીન રહે છે.

૭.૧ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંતના કાર્યકાળના આધારે જાહેર રોજગાર પૂરો પાડવાની બંધારણીય જોગવાઈ 'જાહેર નીતિ', 'જાહેર હિત' અને 'જાહેર હિતના કલ્યાણ' પર આધારિત છે. પ્રસાદ પર્યંત જાહેર રોજગાર ધરાવવાનો ખ્યાલ કોર્ટના યુનિયન ઓફ ઇન્ડિયા વિ. તુલસીરામ પટેલ [13]ના સંવિધાન બેન્ચના નિર્ણયમાં સમજાવવામાં આવ્યો છે. સરકાર અને તેના

13 યુનિયન ઓફ ઇન્ડિયા વિ. તુલસીરામ પટેલ (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮.

કર્મચારીઓ વચ્ચેનો સંબંધ, જે આ ચુકાદામાં સમજાવવામાં આવ્યો છે તેને નીચે મુજબ ઘડી શકાય છે:-[14]

૧. *યુનાઇટેડ કિંગડમથી વિપરીત, ભારતમાં તે સંસદ દ્વારા બનાવેલા કોઈપણ કાયદાને આધીન નથી પરંતુ માત્ર સંવિધાન દ્વારા જે સ્પષ્ટપણે પ્રદાન કરવામાં આવ્યું છે તેને આધીન છે.*[15]

૨. *પ્રસાદનો સિદ્ધાંત સરકારી કર્મચારીના કાર્યકાળ સાથે સંબંધિત છે..., જેનો અર્થ એ છે કે હોદ્દા પર રહેલી વ્યક્તિ જે સમયગાળા માટે હોદ્દો ધરાવે છે તે.*[16]

૩. *એ સ્થિતિ કે પ્રસાદનો સિદ્ધાંત કાઉનના કોઈપણ વિશેષ વિશિષ્ટ અધિકાર (પ્રિરોગેટિવ) પર આધારિત નથી પરંતુ જાહેર નીતિ પર આધારિત છે તે કોર્ટ દ્વારા સ્ટેટ ઓફ યુ.પી. વિ. બાબુ રામ ઉપાધ્યા*[17] *અને મોતી રામ ડેકા વિ. જનરલ મેનેજર, એન.ઈ.એફ., રેલવે, માલિગાંવ, પાંડુ માં સ્વીકારવામાં આવી છે.*

૪. *આવા પ્રસાદના ઉપયોગ પર મૂકવામાં આવેલો એકમાત્ર અવરોધ એ છે કે જ્યારે સંવિધાનમાં જ તેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી*

---

14 તુલસીરામ કેસમાં સંબંધિત મુદ્દાઓ, જેમ કે 'લો રિલેટિંગ ટુ પબ્લિક સર્વિસીસ', સમરાદિત્ય પાલ, ત્રીજી આવૃત્તિ, લેક્સિસ નેક્સિસ, ૨૦૧૧ માં ઓળખી કાઢવામાં આવ્યા અને ઉદ્ધૃત કરવામાં આવ્યા છે, તે સગવડ માટે અપનાવવામાં આવ્યા છે.
15 (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૩૯૮ પાના નં. ૪૩૯ પર
16 તદેવ, પાના નં. ૪૪૦ પર.
17 તદેવ, પાના નં. ૪૪૧ પર.

હોય, એટલે કે જ્યારે સંવિધાનમાં તે વતી કોઈ સ્પષ્ટ જોગવાઈ હોય. તે વતી સ્પષ્ટ જોગવાઈઓ ચોક્કસ બંધારણીય પદાધિકારીઓના કિસ્સામાં જોવા મળે છે જેમના કાર્યકાળના સંદર્ભમાં સંવિધાનમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે જેમ કે, ઉદાહરણ તરીકે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં અનુચ્છેદ ૧૨૪ ની કલમ (૪) અને (૫) માં, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં અનુચ્છેદ ૨૧૮ માં. ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર-જનરલના સંદર્ભમાં અનુચ્છેદ ૧૪૮(૧), મુખ્ય ચૂંટણી કમિશનરના સંદર્ભમાં અનુચ્છેદ ૩૨૪(૧), અને ચૂંટણી કમિશનરો અને પ્રાદેશિક કમિશનરોના સંદર્ભમાં અનુચ્છેદ ૩૨૪(૫).[18]

૫. *અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) અને (૨) અનુચ્છેદ ૩૧૦(૧) હેઠળ રાષ્ટ્રપતિ અથવા રાજ્યના રાજ્યપાલ દ્વારા તેમના પ્રસાદના ઉપયોગ પર નિયંત્રણો લાદે છે. આ બરતરફી અથવા હટાવવા દ્વારા સેવાની સમાપ્તિના સંદર્ભમાં તેમજ સિવિલ સેવકના રેન્કમાં ઘટાડાના સંદર્ભમાં સ્પષ્ટ જોગવાઈઓ છે અને આથી 'આ સંવિધાન દ્વારા અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય' ની અભિવ્યક્તિના દાયરામાં આવે છે જે અનુચ્છેદ ૩૧૦(૧) ને ક્વોલિફાય કરે છે. અનુચ્છેદ ૩૧૧ આ રીતે અનુચ્છેદ ૩૧૦ નો*

18 તદેવ, પાના નં. ૪૪૭ પર.

અપવાદ છે અને પરશોતમ લાલ ઢીંગરા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[19]*માં તેનું વર્ણન કરવામાં આવ્યું હતું, જે અનુચ્છેદ ૩૧૦(૧) ના પ્રોવાઇઝો (શરત) તરીકે કાર્ય કરે છે જો કે તે અલગ અનુચ્છેદમાં સુયોજિત છે.*[20]

૬. અનુચ્છેદ ૩૦૯, જો કે, આવો અપવાદ નથી. તે એવી કોઈ સ્પષ્ટ જોગવાઈ નક્કી કરતું નથી જે અનુચ્છેદ ૩૧૦(૧) હેઠળ પ્રસાદના ઉપયોગની વ્યાપકતાને નબળી પાડે. તે માત્ર યોગ્ય વિધાનમંડળ અથવા કારોબારીને કાયદા બનાવવાની અને નિયમો ઘડવાની સત્તા આપે છે પરંતુ આ સત્તા સંવિધાનની જોગવાઈઓને આધીન બનાવવામાં આવી છે. <u>આમ, અનુચ્છેદ ૩૦૯ એ અનુચ્છેદ ૩૧૦(૧) ને આધીન છે અને અનુચ્છેદ ૩૦૯ હેઠળ બનાવેલા અથવા ઘડેલા કાયદા કે નિયમમાં રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના પ્રસાદના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતી કોઈ જોગવાઈ સંવિધાનની સ્પષ્ટ જોગવાઈ ન હોવાને કારણે, અનુચ્છેદ ૩૧૦(૧) માં આવતી 'આ સંવિધાન દ્વારા સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય' ની અભિવ્યક્તિ હેઠળ આવી શકતી નથી અને તે અનુચ્છેદ ૩૧૦(૧) સાથે વિરોધાભાસી હશે અને તેને અસંબંધારણીય ગણવી જોઈએ.</u>[21]

---

19 તદેવ, પાના નં. ૪૪૭ પર.
20 તદેવ, પાના નં. ૪૪૭ પર.
21 તદેવ, પાના નં. ૪૪૭ પર.

૭. અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) અને (૨) સરકારી કર્મચારીને કઈ રીતે બરતરફ કરી શકાય, હટાવી શકાય અથવા રેન્કમાં ઘટાડો કરી શકાય તે પદ્ધતિ પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકે છે અને અનુચ્છેદ ૦૯ હેઠળ બનાવેલો કાયદો કે ઘડેલો નિયમ પણ આ નિયંત્રણોને સુસંગત ન હોય ત્યાં સુધી તે રદબાતલ ગણાશે. અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) અને (૨) દ્વારા મૂકવામાં આવેલા નિયંત્રણો બે છે- (૧) અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) માં પૂરી પાડવામાં આવેલ સરકારી કર્મચારીને બરતરફ કરવા અથવા હટાવવા માટે સત્તા ધરાવતા સત્તાધિકારીના સંદર્ભમાં, અને (૨) કલમ (૨) માં પૂરી પાડવામાં આવેલ સરકારી કર્મચારીની બરતરફી, હટાવવા અથવા રેન્કમાં ઘટાડા માટેની પ્રક્રિયાના સંદર્ભમાં.[22]

(ભાર ઉમેરેલ)

૭.૨ તેના મૂળ ગમે તે હોય, આપણી બંધારણીય યોજના હેઠળ સામેલ પ્રસાદનો સિદ્ધાંત એક મહત્વપૂર્ણ જાહેર હેતુ પૂરો પાડવા માટે છે. તુલસીરામ પટેલ (ઉપર મુજબ) ના પેરા ૯૯ અને ૯૫ માં, કોર્ટે આ સિદ્ધાંતને સામેલ કરવાના હેતુ અને ઉદ્દેશ્યને સમજાવ્યો છે:

"૯૯. મંત્રીઓ નીતિઓ ઘડે છે અને વિધાનમંડળો કાયદા ઘડે છે અને આ નીતિઓ કઈ રીતે અમલમાં મૂકવી અને કાયદાનો ઉદ્દેશ્ય

22 તદેવ, પાના નં. ૯૯૭ પર.

કઈ રીતે પ્રાપ્ત કરવો તેની પદ્ધતિ નક્કી કરે છે. ઘણા કિસ્સાઓમાં, આપણા જેવા કલ્યાણકારી રાજ્યમાં, આવી નીતિઓ અને કાયદાઓ સામાજિક-આર્થિક સુધારાઓ લાવવા અને ગરીબ અને વંચિત વર્ગોના ઉત્થાન માટેના હોય છે. બાબતોના સ્વરૂપ પરથી આ નીતિઓ અને કાયદાઓને કાર્યક્ષમ અને અસરકારક રીતે અમલમાં મૂકવાનું કાર્ય, જો કે, સિવિલ સર્વિસીસ પર રહેલું છે. જનતાને, તેથી, આવી સેવાઓની કાર્યક્ષમતા અને અખંડિતતામાં ઘણો રસ હોય છે. સરકારી કર્મચારીઓને આખરે જાહેર તિજોરીમાંથી ચૂકવણી કરવામાં આવે છે જેમાં દરેક વ્યક્તિ પ્રત્યક્ષ કે પરોક્ષ વેરા દ્વારા ફાળો આપે છે. જેમને જનતા દ્વારા ચૂકવણી કરવામાં આવે છે અને જેમને જાહેર કલ્યાણ માટે જાહેર વહીવટની જવાબદારી સોંપવામાં આવી છે, તેઓએ, તેથી, બદલામાં તેમની ફરજોના વહન માટે જવાબદારીની ભાવના લાવવી જોઈએ. જાહેર વહીવટની કાર્યક્ષમતા માત્ર આ સેવાઓના ટોચના સ્તરો પર આધારિત નથી. તે આ સેવાઓના અન્ય તમામ સભ્યો પર, એટલું જ નહીં પણ સૌથી ગૌણ જગ્યાઓ પર રહેલા લોકો પર પણ આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, રેલવે રેલવે બોર્ડના સભ્યો અથવા વિવિધ રેલવેના જનરલ મેનેજરો અથવા રેલવે વહીવટના વિવિધ વિભાગોના વડાઓને કારણે ચાલતી નથી. તે એન્જિન-ડ્રાઇવરો, ફાયરમેન, સિગ્નલમેન, બુકિંગ ક્લાર્ક અને અન્ય સો સમાન જગ્યાઓ ધરાવતા લોકોને કારણે પણ

ચાલે છે. તેવી જ રીતે, તે વહીવટી વડાઓ જ નથી જેઓ એકલા પોસ્ટ અને ટેલિગ્રાફ સેવાની યોગ્ય કામગીરી જોઈ શકે છે. કોઈ સેવા કાર્યક્ષમ રીતે ચાલે તે માટે, તેથી, જવાબદારીની સામૂહિક ભાવના હોવી જોઈએ. પરંતુ સરકારી કર્મચારી તેની ફરજો વફાદારી પૂર્વક અને નિષ્ઠાપૂર્વક બજાવે તે માટે, તેની પાસે કાર્યકાળની સુરક્ષાની ભાવના હોવી જોઈએ. આપણા સંવિધાન હેઠળ, આ અનુચ્છેદ ૩૦૯ હેઠળ બનાવેલા કાયદા અને નિયમો દ્વારા તેમજ અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) અને (૨) માં પૂરી પાડવામાં આવેલ બરતરફી, હટાવવા અથવા રેન્કમાં ઘટાડાની સજાના સંદર્ભમાં સેફગાર્ડ્સ (સુરક્ષાત્મક ઉપાયો) દ્વારા પ્રદાન કરવામાં આવ્યું છે. તે, જો કે, જાહેર હિતમાં અને જાહેર કલ્યાણ માટે એટલું જ જરૂરી છે કે જે સરકારી કર્મચારીઓ બિનકાર્યક્ષમ, અપ્રમાણિક કે ભ્રષ્ટ છે અથવા સુરક્ષા માટે જોખમરૂપ બન્યા છે તેઓ સેવામાં ચાલુ રહેવા જોઈએ નહીં અને અનુચ્છેદ ૩૦૯ હેઠળના કાયદા અને નિયમો દ્વારા તેમજ અનુચ્છેદ ૩૧૧ દ્વારા તેમને આપવામાં આવેલી સુરક્ષાનો તેઓ જાહેર હિત અને જાહેર કલ્યાણના નુકસાન માટે દુરુપયોગ ન કરે. જ્યારે અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૨) ના બીજા પ્રોવાઇઝોની ત્રણ કલમોમાંથી એકમાં પરિકલ્પના કરાયેલ પરિસ્થિતિ ઊભી થાય અને સંબંધિત કલમ યોગ્ય રીતે લાગુ કરવામાં આવે અને શિસ્તભંગની તપાસ પડતી મૂકવામાં આવે, ત્યારે સંબંધિત સરકારી કર્મચારી તેની આજીવિકા

છીનવાઈ ગઈ છે તેવી ફરિયાદ કરી શકે નહીં. વ્યક્તિની આજીવિકા તેના અને તેના પરિવાર માટે મોટી ચિંતાની બાબત છે પરંતુ તેની આજીવિકા તેની ખાનગી હિતની બાબત છે અને જ્યાં આવી આજીવિકા જાહેર તિજોરી દ્વારા પૂરી પાડવામાં આવતી હોય અને આવી આજીવિકા છીનવી લેવી જાહેર હિતમાં અને જાહેર કલ્યાણ માટે હોય, ત્યારે ભૂતપૂર્વએ પછીનાને શરણ થવું જ પડશે. આ પરિણામો એટલા માટે નથી આવતા કે પ્રસાદનો સિદ્ધાંત બ્રિટિશ ક્રાઉનનો વિશેષ વિશિષ્ટ અધિકાર છે જે ભારતને વારસામાં મળ્યો છે અને આપણા પ્રજાસત્તાકના બંધારણીય માળખાને અનુરૂપ આપણા સંવિધાનમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યો છે પરંતુ એટલા માટે છે કારણ કે જાહેર નીતિની જરૂરિયાત છે, જાહેર હિતની જરૂરિયાત છે અને જાહેર કલ્યાણની માંગ છે કે આવો સિદ્ધાંત હોવો જોઈએ.

૪૫. આથી એ સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૧૦(૧) હેઠળ સમાવિષ્ટ પ્રસાદનો સિદ્ધાંત, અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૧) અને (૨) દ્વારા સિવિલ સેવકોને આપવામાં આવેલી સુરક્ષા અને તેના બીજા પ્રોવાઈઝો દ્વારા અનુચ્છેદ ૩૧૧ ની કલમ (૨) હેઠળની સુરક્ષા પાછી ખેંચી લેવી એ તમામ સંવિધાનમાં જાહેર નીતિના કારણોસર અને જાહેર હિતમાં પૂરા પાડવામાં આવ્યા છે અને જાહેર કલ્યાણ માટે છે."

૮. જાહેર કર્મચારી રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંત હોદ્દો ધરાવે છે તે સિદ્ધાંત સંવિધાનમાં જ (અનુચ્છેદ ૩૧૦ હેઠળ) સામેલ છે. આ અનુચ્છેદ ૩૦૯ હેઠળ પૂરી પાડવામાં આવેલ સેવાની શરતો નિર્દિષ્ટ કરવા માટે કાયદા બનાવવાની સંસદ અથવા વિધાનમંડળની સત્તાઓ અથવા નિયમો બનાવવાની કારોબારીની સત્તાઓ પર સીધી અસર કરે છે. આ સ્થિતિ ઉપર દર્શાવેલા ફકરાઓમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવી છે. બી.પી. સિંઘલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા [23]માં કોર્ટે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંત હોદ્દો ધરાવવાના પરિણામને સમજાવ્યો છે:

"૩૩. પ્રસાદનો સિદ્ધાંત જે રીતે મૂળ યુનાઇટેડ કિંગડમમાં પરિકલ્પિત હતો તે એક વિશેષ વિશિષ્ટ સત્તા (પ્રિરોગેટિવ પાવર) હતી જે અનિયંત્રિત હતી. તેનો અર્થ એ હતો કે પ્રસાદ હેઠળ હોદ્દો ધરાવનાર વ્યક્તિને કોઈપણ સમયે, નોટિસ વિના, કારણ દર્શાવ્યા વિના, અને કોઈપણ કારણની જરૂરિયાત વિના હટાવી શકાય છે. પરંતુ જ્યાં કાયદાનું શાસન (રૂલ ઓફ લો) પ્રવર્તે છે, ત્યાં અનિયંત્રિત વિવેકાધિકાર કે બિન-જવાબદાર ન્યાયી કાર્યવાહી જેવું કંઈ હોતું નથી. કારણની જરૂરિયાતની ડિગ્રી બદલાઈ શકે છે. ન્યાયિક સમીક્ષા (જ્યુડિશિયલ રિવ્યુ) દરમિયાન ચકાસણીની ડિગ્રી બદલાઈ શકે છે. પરંતુ કારણની જરૂરિયાત અસ્તિત્વમાં છે. <u>પરિણામે, જ્યારે ભારતનું</u>

23 બી. પી. સિંઘલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૦) ૬ એસ.સી.સી. ૩૩૧.

<u>સંવિધાન જોગવાઈ કરે છે કે કેટલાક હોદ્દાઓ રાષ્ટ્રપતિના પ્રસાદ પર્યંત રહેશે, કોઈપણ સ્પષ્ટ મર્યાદાઓ અથવા નિયંત્રણો વિના, તો તેને બંધારણવાદની મૂળભૂત બાબતોને આધીન હોવા તરીકે જ અનિવાર્યપણે વાંચવું જોઈએ."</u>

૯. આ પૃષ્ઠભૂમિમાં જ જાહેર કર્મચારીની રોજગારીને સમજવાની છે. જો કે કર્મચારી અને રાજ્ય વચ્ચેનો સંબંધ કરારમાં ઉદ્ભવે છે, પરંતુ બંધારણીય મર્યાદાને કારણે, તેની સાથે સેવાને સંચાલિત કરતા વિધાયી અને કારોબારી નિયમોને કારણે, સંબંધ એક અનન્ય સ્થાન પ્રાપ્ત કરે છે. આવા સંબંધને કરારની વિરુદ્ધ 'દરજ્જો' (સ્ટેટસ) તરીકે ઓળખાવતા, કોર્ટે રોશન લાલ ટંડન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા [24]માં સમજાવ્યું કે આવો 'દરજ્જો' શું બનાવે છે. અમે તૈયાર સંદર્ભ માટે સંવિધાન બેન્ચ દ્વારા સમજાવવામાં આવેલા 'દરજ્જા' ના ખ્યાલની સમજૂતી અહીં બહાર કાઢી છે. આ કેસમાં, અરજદાર રોશન લાલ ટંડનની નિમણૂક ટ્રેન-એક્ઝામિનર - ગ્રેડ 'ડી' તરીકે કરવામાં આવી હતી. જ્યારે તેઓ સેવામાં જોડાયા તે સમયે ગ્રેડ 'સી' ની આગામી જગ્યા પર બઢતી ચોક્કસ નિયમો દ્વારા સંચાલિત હતી જે પાછળથી સુધારેલ કરવામાં આવ્યા હતા. સુધારા પર સવાલ ઉઠાવતા, તેઓએ દલીલ કરી હતી કે જ્યારે તેઓ સેવામાં જોડાયા ત્યારે તેમને ગ્રેડ 'સી' માં બઢતી મેળવવાનો અધિકાર હતો અને આવા અધિકારમાં પછીના સુધારા દ્વારા ફેરફાર કરી શકાય નહીં. આ દલીલને

24 રોશન લાલ ટંડન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૬૮) ૧ એસ.સી.આર. ૧૮૫.

નકારી કાઢતાં, કોર્ટે સરકારી રોજગારીના સંબંધને 'દરજ્જા' તરીકે નીચે મુજબ સમજાવ્યો:

"૬. અમે અરજદારની આગામી દલીલ પર વિચાર કરવા આગળ વધીએ છીએ કે અરજદાર ગ્રેડ 'ડી' માં પ્રવેશ્યા તે સમયે તેમને લાગુ પડતી સેવાની શરતો અંગે કરાર આધારિત અધિકાર હતો અને રેલવે બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી અધિસૂચના દ્વારા સેવાની શરતોમાં તેમના નુકસાન માટે પાછળથી ફેરફાર કરી શકાય નહીં. એવું કહેવામાં આવ્યું હતું કે રેલવે બોર્ડના તારીખ ૨૫ જાન્યુઆરી, ૧૯૫૮ ના આદેશ, પરિશિષ્ટ 'બી' માં નક્કી કરવામાં આવ્યું હતું કે ગ્રેડ 'ડી' માંથી ગ્રેડ 'સી' માં બઢતી વરિષ્ઠતા-વત્તા-યોગ્યતા (સિનિયોરિટી-કમ-સુટેબિલિટી) પર આધારિત હોવી જોઈએ અને સેવાની આ શરત કરાર આધારિત હતી અને ત્યારબાદ અરજદારના પૂર્વગ્રહ માટે બદલી શકાય નહીં. અમારા મતે, આ દલીલ માટે કોઈ આધાર નથી. <u>તે સાચું છે કે સરકારી સેવાનું મૂળ કરાર આધારિત છે. દરેક કેસમાં ઓફર અને સ્વીકૃતિ હોય છે. પરંતુ એકવાર તેની જગ્યા અથવા હોદ્દા પર નિમણૂક થયા પછી સરકારી કર્મચારી દરજ્જો (સ્ટેટસ) પ્રાપ્ત કરે છે અને તેના અધિકારો અને જવાબદારીઓ હવે બંને પક્ષોની સંમતિ દ્વારા નક્કી થતી નથી, પરંતુ કાયદા અથવા વૈધાનિક નિયમો દ્વારા નક્કી થાય છે જે સરકાર દ્વારા એકપક્ષીય</u>

રીતે ઘડી શકાય છે અને બદલી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સરકારી કર્મચારીની કાનૂની સ્થિતિ કરાર કરતાં દરજ્જાની વધુ છે. દરજ્જાની મુખ્ય લાક્ષણિકતા જાહેર કાયદા દ્વારા લાદવામાં આવેલા અધિકારો અને ફરજોના કાનૂની સંબંધ સાથેનું જોડાણ છે અને પક્ષકારોના માત્ર કરાર દ્વારા નહીં. સરકારી કર્મચારીના મહેનતાણું અને તેની સેવાની શરતો કાયદા અથવા વૈધાનિક નિયમો દ્વારા સંચાલિત થાય છે જે કર્મચારીની સંમતિ વિના સરકાર દ્વારા એકપક્ષીય રીતે બદલી શકાય છે. તે સાચું છે કે અનુચ્છેદ ૩૧૧ અનુચ્છેદ ૩૧૦ હેઠળ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને આપવામાં આવેલી હટાવવાની સત્તા પર બંધારણીય નિયંત્રણો લાદે છે. પરંતુ તે સ્પષ્ટ છે કે સરકાર અને તેના કર્મચારી વચ્ચેનો સંબંધ માલિક અને નોકર વચ્ચેના સામાન્ય સેવાના કરાર જેવો નથી. કાનૂની સંબંધ કંઈક સંપૂર્ણપણે અલગ છે, દરજ્જાના સ્વરૂપમાં કંઈક છે. તે પક્ષકારો વચ્ચે સ્વેચ્છાએ પ્રવેશેલા સંપૂર્ણ કરાર આધારિત સંબંધ કરતાં ઘણો વધારે છે. દરજ્જાની ફરજો કાયદા દ્વારા નક્કી કરવામાં આવે છે અને આ ફરજોના અમલીકરણમાં, સમાજને રસ છે...

૭. તેથી અમે એવા અભિપ્રાયના છીએ કે અરજદારને તેમની સેવાની શરતોના સંદર્ભમાં કોઈ સ્થાપિત હિત ધરાવતો કરાર આધારિત અધિકાર (વેસ્ટેડ કોન્ટ્રેક્ટ્યુઅલ રાઈટ) નથી અને અરજદારના

કાઉન્સિલ આ કેસના આ પાસા પર તેમની સબમિશન સાબિત કરવામાં અસમર્થ રહ્યા છે."

૧૦. રોશન લાલ ટંડનના કેસમાં સ્થાપિત થયેલો સિદ્ધાંત કોર્ટના સંખ્યાબંધ નિર્ણયોમાં અનુસરવામાં આવ્યો છે.[25]આ પૂર્વ ઉદાહરણોમાં સ્થાપિત થયેલા સિદ્ધાંતોમાંથી નીચે મુજબની દરખાસ્તો ઉદ્ભવે છે.

(૧) સંવિધાનમાં સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સંઘ અથવા રાજ્યોની સિવિલ સેવામાં કાર્યરત દરેક વ્યક્તિ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલના પ્રસાદ પર્યંત (અનુચ્છેદ ૩૧૦) હોદ્દો ધરાવે છે. તુલસીરામ પટેલ (ઉપર મુજબ) માં સમજાવ્યા મુજબ, પ્રસાદ પર્યંત કાર્યકાળ એ જાહેર હિત અને જાહેર કલ્યાણ માટે રાજ્ય હેઠળ સેવાઓ આપવા માટેની બંધારણીય નીતિ છે.

(૨) સંઘ અને રાજ્યો ભરતી, સેવાની શરતો, કાર્યકાળ અને સમાપ્તિનું નિયમન કરવા માટે અનુચ્છેદ ૩૦૯, ૩૧૦ અને ૩૧૧ હેઠળ કાયદા અને નિયમો બનાવવા માટે સક્ષમ છે. અધિકારો અને જવાબદારીઓ હવે પક્ષકારોની સંમતિથી નહીં પરંતુ કાયદા અથવા નિયમો દ્વારા લાદવામાં આવેલા અધિકારો અને ફરજોના કાનૂની સંબંધ દ્વારા નક્કી કરવામાં આવે છે. સેવાઓ, આમ, દરજ્જો (સ્ટેટસ) પ્રાપ્ત કરે છે.

---

25 યુનિયન ઓફ ઇન્ડિયા વિ. અરુણ કુમાર રોય, (૧૯૮૬) ૧ એસ.સી.સી. ૬૭૭; નારાયણ વિ. પુરુષોત્તમ (૨૦૦૮) ૫ એસ.સી.સી. ૪૧૬; બ્રિજ લાલ મોહન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૨) ૬ એસ.સી.સી. ૫૦૨.

(૩) દરજ્જાની મુખ્ય લાક્ષણિકતા કાયદાઓ દ્વારા લાદવામા આવેલા કાનૂની અધિકારો અને જવાબદારીઓમાં છે જે કર્મચારીની સંમતિ વિના સરકાર દ્વારા એકપક્ષીય રીતે ઘડી શકાય છે અને બદલી શકાય છે.

(૪) સંબંધને સંચાલિત કરતા નિયમોના પ્રભુત્વને ધ્યાનમાં લેતા, રોજગારી, સેવાની શરતો સહિત સમાપ્તિ સંબંધિત તમામ બાબતો નિયમો દ્વારા સંચાલિત થાય છે. નિયમોની જોગવાઈઓની બહાર કોઈ અધિકારો નથી.

(૫) રાજ્ય દ્વારા કરવામાં આવતી ભરતીમાં, નિમણૂક મેળવવાનો કોઈ અધિકાર નથી પરંતુ માત્ર ન્યાયી રીતે ધ્યાને લેવાનો અધિકાર છે. ભરતીની પ્રક્રિયા તે હેતુ માટે ઘડવામાં આવેલા નિયમો દ્વારા સંચાલિત થશે.

(૬) જાહેર કર્મચારીની સેવાની શરતો, બઢતી અને વરિષ્ઠતાની બાબતો સહિત પ્રવર્તમાન નિયમો દ્વારા સંચાલિત થાય છે. સેવાને સંચાલિત કરતા નિયમોથી સ્વતંત્ર કોઈ સ્થાપિત હિત ધરાવતા અધિકારો (વેસ્ટેડ રાઇટ્સ) નથી.[26]

(૭) સેવાઓને સંચાલિત કરતા કાયદાઓ ઘડવા અને નિયમો બહાર પાડવાની સાથે, સરકારો પણ નિયમના આદેશથી સમાન રીતે બંધાયેલી

26 સૈયદ ખાલિદ રિઝવી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૧૯૯૩ સપ્લી. (૩) એસ.સી.સી. ૫૭૫; હરદેવ સિંહ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૨૦૧૧ (૧૦) એસ.સી.સી. ૧૨૧.

છે. સેવાઓને સંચાલિત કરતા નિયમોની જોગવાઈઓની બહાર કોઈ સત્તા કે વિવેકાધિકાર નથી અને રાજ્યની ક્રિયાઓ ન્યાયિક સમીક્ષાને આધીન છે.[27]

૧૧. રાજ્ય સાથે રોજગારી ધરાવતી વ્યક્તિના બંધારણીય દરજ્જામાંથી ઉદ્ભવતા ઉપરોક્ત સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, અમને એ ઠરાવવામાં કોઈ સંકોચ નથી કે રંગૈયામાં કરાયેલા અવલોકનો કે જે જગ્યાઓ નિયમોના સુધારા પહેલાં ખાલી પડી હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને નવા નિયમો દ્વારા નહીં, તે કાયદાની સાચી સ્થિતિને પ્રતિબિંબિત કરતા નથી. અમે પહેલાથી જ સમજાવ્યું છે કે સરકારી કર્મચારીનો દરજ્જો વિશિષ્ટ રીતે નિયમો દ્વારા સંચાલિત સંબંધ ધરાવે છે અને આ નિયમોની બહાર સેવાનું સંચાલન કરતો કોઈ અધિકાર નથી. વધુમાં, રંગૈયાના કેસમાં કોર્ટે કોઈ સિદ્ધાંત પર અથવા નવા નિયમોના આધારે આવા અધિકારને શોધીને પોતાના અવલોકનને ન્યાયી ઠેરવ્યું નથી. [28]રંગૈયામાં એક વ્યાપક સિદ્ધાંત સ્થાપિત કરવામાં આવ્યો છે તેવી ધારણા હેઠળ સંખ્યાબંધ ચુકાદાઓ છે જેણે રંગૈયાનું અનુકરણ કર્યું હોવાથી, અમારે રંગૈયાને અનુસરનારા કેસોની અનિવાર્યપણે તપાસ કરવી પડશે. અમે હવે જોઈશું

---

27 રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન વિ. ચનન રામ, (૧૯૯૮) ૪ એસ.સી.સી. ૨૦૨.
28 હકીકતમાં, ડૉ. કે. રામુલુ અને અન્ય વિ. ડૉ. એસ સૂર્યપ્રકાશ રાવ (ઉપર્યુક્ત) નો કેસ આનું જ બરાબર ઉદાહરણ છે જ્યાં નવા સુધારેલા નિયમો મુજબ જૂની ખાલી જગ્યાઓ ભરવા માટે નવા સુધારેલા નિયમોમાં ચોક્કસ જોગવાઈ હતી. ૨૬ કરાયેલા નિયમોમાં નવા નિયમો મુજબ ભૂતકાળની ખાલી જગ્યાઓ ભરવાની જોગવાઈ હતી. ઉપરાંત, પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી., ૧૯૮૮ સપ્લી. એસ.સી.સી. ૭૪૦ માં જૂના નિયમો મુજબ ખાલી જગ્યાઓ ભરવાનો ઈરાદો હતો.

કે ત્યારબાદના નિર્ણયોએ રંગૈયાને કઈ રીતે સમજ્યો, લાગુ કર્યો અથવા અલગ પાડ્યો.

<u>વાય.વી. રંગૈયા અને અન્ય લોકો વિ. જે. શ્રીનિવાસ રાવ ના કેસને અનુસરનારા નિર્ણયો:</u>

૧૨.૧ રંગૈયાનું અનુકરણ કરનારો પ્રથમ કેસ પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી. [29]છે. કોર્ટ સ્પેશિયલ નિયમો દ્વારા સંચાલિત આસિસ્ટન્ટ એન્જિનિયરની જગ્યા પર ભરતી અંગે ચિંતિત હતી[30].વિચારણા માટે જે પ્રશ્ન ઉભો થયો હતો તે એ હતો કે સ્પેશિયલ નિયમોના સુધારા પહેલાં આસિસ્ટન્ટ એન્જિનિયરની કેટેગરીમાં ઊભી થયેલી ખાલી જગ્યાઓ સુધારેલા કે બિન-સુધારેલા નિયમો અનુસાર ધ્યાને લેવાની હતી. સ્પેશિયલ નિયમોની સમજૂતી (સી) અને પ્રોવાઇઝો કે જેમાં "કેટેગરીમાં ઊભી થતી ખાલી જગ્યાઓ" ની અભિવ્યક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેને ધ્યાનમાં લેતા, કોર્ટે તારણ કાઢ્યું કે સુધારેલા નિયમનો ઈરાદો પોતે જ નિયમોના સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલા નિયમોના આધારે ખાલી જગ્યાઓ ભરવાનો છે. આ એક એવો કેસ છે જે સુધારેલા નિયમના શબ્દો પર આધારિત હતો. કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું:

> *"૭. ...હવે માત્ર એ પ્રશ્ન પર વિચાર કરવાનો છે કે સ્પેશિયલ નિયમોમાં તારીખ ૨૮ એપ્રિલ, ૧૯૮૦ ના રોજ કરવામાં આવેલો સુધારો માત્ર તે તારીખ પછી ઊભી થયેલી ખાલી જગ્યાઓને જ લાગુ*

29 પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી., ૧૯૮૮ સપ્લી. એસ.સી.સી. ૭૪૦.
30 આંધ્ર પ્રદેશ પંચાયત રાજ એન્જિનિયરિંગ સર્વિસીસ (સ્પેશિયલ) રૂલ્સ, ૧૯૬૩.

પડતો હતો જે તારીખે સુધારો અમલમાં આવ્યો હતો અથવા તે ઉક્ત તારીખ પહેલાં ઊભી થયેલી ખાલી જગ્યાઓને પણ લાગુ પડતો હતો. સ્પેશિયલ નિયમોમાં તારીખ ૨૮ એપ્રિલ, ૧૯૮૦ ના રોજ સુધારા દ્વારા દાખલ કરવામાં આવેલી સમજૂતીમાં મહત્વના શબ્દો હતા "આસિસ્ટન્ટ એન્જિનિયર્સની કેટેગરીમાં ઊભી થતી મૂળભૂત ખાલી જગ્યાઓના ૩૭ ૧/૨ ટકા સીધી ભરતી દ્વારા ભરવામાં આવશે". જો ઉક્ત કલમ એ રીતે વંચાતી હોત કે "આસિસ્ટન્ટ એન્જિનિયર્સની કેટેગરીમાં મૂળભૂત ખાલી જગ્યાઓના ૩૭ ૧/૨ ટકા સીધી ભરતી દ્વારા ભરવામાં આવશે" તો કદાચ ચર્ચા માટે બહુ અવકાશ ન હોત. ઉક્ત કલમ ત્યારે તે ખાલી જગ્યાઓને પણ લાગુ પડી હોત જે સુધારાની તારીખ પહેલાં ઊભી થઈ હતી પરંતુ જે તે તારીખ પહેલાં ભરવામાં આવી ન હતી. અમને લાગે છે કે અપીલકર્તાઓ અને રાજ્ય સરકાર વતી કરવામાં આવેલી સબમિશનમાં ઘણું જોર છે કે ઉક્ત કલમમાં "ઊભી થતી" (એરાઇઝિંગ) શબ્દની રજૂઆતથી તે માત્ર તે ખાલી જગ્યાઓને લાગુ પડે છે જે સુધારાની તારીખ પછી અસ્તિત્વમાં આવી હોય."

૧૨.૨ આ કેસમાં નિર્ણય સુધારેલા નિયમની સ્થિતિ પર આધારિત છે. આ કેસમાં પણ, કોર્ટે નિયમોના સુધારા પહેલાં ઊભી થતી ખાલી જગ્યાઓ માટે જાહેર કર્મચારીના ધ્યાને લેવાના સ્થાપિત હિત ધરાવતા અધિકાર (વેસ્ટેડ

રાઇટ) ના કોઈ સામાન્ય સિદ્ધાંતને ઓળખ્યો નથી. કોઈપણ વિશ્લેષણ વિના, કોર્ટે અવલોકન કર્યું કે રંગૈયામાં સ્થાપિત થયેલો સિદ્ધાંત લાગુ પડે છે અને નવા નિયમોના અર્થઘટન સાથે આગળ વધી.

૧૩.૧ એન.ટી. દેવિન કત્તી વિ. કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન [31]એ ઇન-સર્વિસ ઉમેદવારોમાંથી ભરવાના, ૧૯૭૫ ના નિયમો [32]હેઠળ સંચાલિત પસંદગીના હોદ્દા, તહેસીલદારની જગ્યા પર નિમણૂક સંબંધિત કેસ છે. જ્યારે જાહેરાત મે ૧૯૭૫ માં બહાર પાડવામાં આવી હતી, ત્યારે એસસી/એસટી ઉમેદવારોના પક્ષમાં અનામતના નિયમોનું પાલન કરીને ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ૦૯ જુલાઈ, ૧૯૭૫ ના રોજ અમલમાં લાવવામાં આવી હતી. કોર્ટે ઠેરવેલ કે જાહેરાતમાં સ્પષ્ટપણે જણાવાયું હોવાથી કે પસંદગી પ્રવર્તમાન નિયમો અનુસાર કરવામાં આવશે, લેખિત પરીક્ષામાં હાજર રહેલા અને મૌખિક પરીક્ષા (વાઇવા વોસ) માંથી પસાર થયેલા ઉમેદવારોએ જાહેરાતની શરતો અનુસાર પસંદગી માટે ધ્યાને લેવાનો સ્થાપિત હિત ધરાવતો અધિકાર (વેસ્ટેડ રાઇટ) પ્રાપ્ત કર્યો હતો. કોર્ટે ઠેરવેલ કે, નિયમોની કોઈ ભૂતકાળની અસર ન હોવાથી, ભરતી પ્રક્રિયાને અસર થઈ શકે નહીં. આ સંદર્ભમાં જ કોર્ટે રંગૈયા અને પી. ગણેશ્વર રાવના કેસનો સંદર્ભ આપ્યો હતો. કોર્ટે કાલ્ટન [33]પર પણ આધાર રાખ્યો હતો જે યુ.પી. ઇન્ટરમીડિયેટ એજ્યુકેશન એક્ટ, ૧૯૨૧ હેઠળ પ્રિન્સિપાલની જગ્યા પર નિમણૂક સંબંધિત હતો, અને એસ [34]નો કેસ જે મોટર વ્હીકલ ઇન્સ્પેક્ટરની જગ્યા

31 એન. ટી. ડેવિન કક્કી વિ. કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન, (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૧૫૭.
32 કર્ણાટક એડમિનિસ્ટ્રેટિવ સર્વિસીસ (તહસીલદાર) રિક્રુટમેન્ટ (સ્પેશિયલ) રૂલ્સ, ૧૯૭૫.
33 એ. એ. કાલ્ટન વિ. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન અને અન્ય (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૩૩.
34 પી. મહેન્દ્રન અને અન્ય વિ. સ્ટેટ ઓફ કર્ણાટક (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૪૧૧.

પર સીધી નિમણૂક માટેની ભરતી પ્રક્રિયા સંબંધિત હતો. જાહેરાત બહાર પાડ્યા પછી નિયમોમાં કરવામાં આવેલા ફેરફારો વિચારણા હેઠળનો પ્રશ્ન હતો. કોર્ટે અવલોકન કર્યું:

> "૧૧. પ્રશ્નનું હજુ બીજું પાસું છે. જ્યાં જગ્યાઓની કેટેગરીમાં સીધી ભરતી માટે અરજીઓ મંગાવતી જાહેરાત બહાર પાડવામાં આવે છે, અને જાહેરાતમાં સ્પષ્ટપણે જણાવાયું હોય કે પસંદગી પ્રવર્તમાન નિયમો અથવા સરકારી આદેશો અનુસાર કરવામાં આવશે, અને જો તે વિવિધ કેટેગરીના પક્ષમાં અનામતની મર્યાદા દર્શાવે છે, તો તેવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી તત્કાલીન પ્રવર્તમાન નિયમો અને સરકારી આદેશો અનુસાર થવી જોઈએ. જે ઉમેદવારો અરજી કરે છે, અને લેખિત કે મૌખિક પરીક્ષામાંથી પસાર થાય છે તેઓ જાહેરાતમાં સમાવિષ્ટ શરતો અનુસાર પસંદગી માટે ધ્યાને લેવાનો સ્થાપિત હિત ધરાવતો અધિકાર પ્રાપ્ત કરે છે, સિવાય કે જાહેરાત પોતે કોઈ વિપરીત ઈરાદો દર્શાવે. સામાન્ય રીતે, ઉમેદવારને જાહેરાતમાં નિર્ધારિત શરતો અનુસાર ધ્યાને લેવાનો અધિકાર છે કારણ કે તેનો અધિકાર જાહેરાતના પ્રકાશનની તારીખે સ્ફટિકીકૃત (ક્રિસ્ટલાઇઝ) થાય છે, જો કે આ બાબતમાં તેને કોઈ સંપૂર્ણ અધિકાર નથી. જો પસંદગીના પડતર સમયગાળા દરમિયાન ભરતીના નિયમોમાં ભૂતકાળની અસરથી સુધારો કરવામાં આવે, તો તે સંજોગોમાં

પસંદગી સુધારેલા નિયમો અનુસાર થવી જોઈએ. નિયમો ભૂતકાળની અસર ધરાવે છે કે નહીં, તે મુખ્યત્વે નિયમોની ભાષા અને વિધાયી ઈરાદાને સુનિશ્ચિત કરવા માટે તેના અર્થઘટન પર આધાર રાખે છે. વિધાયી ઈરાદો કાં તો સ્પષ્ટ જોગવાઈ દ્વારા અથવા ગર્ભિત અર્થ દ્વારા સુનિશ્ચિત થાય છે; જો સુધારેલા નિયમો ભૂતકાળની અસર ધરાવતા ન હોય તો પસંદગીનું નિયમન જાહેરાતની તારીખે અમલમાં રહેલા નિયમો અને આદેશો અનુસાર થવું જોઈએ. આ પ્રશ્નનું નિર્ધારણ મોટાભાગે દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે જેમાં જાહેરાતમાં નિર્ધારિત શરતો અને સંબંધિત નિયમો અને આદેશોને ધ્યાનમાં લેવામાં આવે છે. રખે ને કોઈ મૂંઝવણ થાય, અમે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે જાહેરાત અનુસરીને જગ્યા માટે અરજી કરવા માત્રથી ઉમેદવાર પસંદગીનો કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર પ્રાપ્ત કરતો નથી, પરંતુ જો તે પાત્ર હોય અને સંબંધિત નિયમો અને જાહેરાતમાં સમાવિષ્ટ શરતો અનુસાર અન્યથા લાયક હોય, તો તે જાહેરાતની તારીખે અસ્તિત્વમાં રહેલા નિયમો અનુસાર પસંદગી માટે ધ્યાને લેવાનો સ્થાપિત હિત ધરાવતો અધિકાર ચોક્કસ પ્રાપ્ત કરે છે. પસંદગીના પડતર સમયગાળા દરમિયાન નિયમોના સુધારા પર તેને તે મર્યાદિત અધિકારથી વંચિત કરી શકાય નહીં સિવાય કે સુધારેલા નિયમો ભૂતકાળની અસર ધરાવતા હોય."

૧૩.૨ આ કેસ ચોક્કસ લાયકાતો નિર્દિષ્ટ કરતી જાહેરાત અનુસરીને જગ્યા પર નિમણૂક સંબંધિત છે. જે ઉમેદવારોએ આવી લાયકાતોના આધારે અરજી કરી છે તેઓને જાહેરાતના આધારે ધ્યાને લેવાનો અધિકાર છે અને નિયમોમાં ભૂતકાળની અસરથી સુધારો કર્યા વિના આવો અધિકાર છીનવી શકાય નહીં તે આ કેસનો રેશિયો (ગુણોત્તર) છે. આ કેસમાં સામેલ મુદ્દો આપણી સામેના મુદ્દા કરતાં અલગ છે. આ કેસ વર્તમાન કેસમાં સામેલ મુદ્દા પર બહુ પ્રકાશ પાડતો નથી.

૧૪. સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. આર. દયાળ[35]માં, રાજસ્થાન સર્વિસ ઓફ એન્જિનિયર્સ (બિલ્ડિંગ એન્ડ રોડ્સ બ્રાન્ચ) નિયમો ૧૯૫૪ દ્વારા ભરવાની ૯ પ્રવર્તમાન ખાલી જગ્યાઓ માટેની પસંદગી પ્રશ્નમાં હતી. એક ટૂંકા આદેશમાં, રંગૈયા પર આધાર રાખીને, કોર્ટે અવલોકન કર્યું કે નિયમોના સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ તે તારીખે અસ્તિત્વમાં રહેલા કાયદા અનુસાર ભરવાની જરૂર છે જે તારીખે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી. એવું ઠરાવવામાં આવ્યું હતું:

> "૬. પરિણામે, તે તારીખે કરવામાં આવેલી કોઈપણ નિમણૂક ઉપરોક્ત નિયમ સાથે સુસંગત હોવી જોઈએ. તેના સમર્થનમાં, તેઓએ કોર્ટના વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ ના નિર્ણય પર આધાર રાખ્યો હતો.

35 સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. આર. દયાળ (૧૯૯૭) ૧૦ એસ.સી.સી. ૪૧૯.

૮. તેથી, તે વિવાદમાં નથી અને વિવાદ થઈ શકે નહીં કે અધિકારીઓની પસંદગી કરતી વખતે, સંબંધિત કોલમમાં નિર્દિષ્ટ બઢતી માટેની લઘુત્તમ આવશ્યક લાયકાતો અને અનુભવને પસંદગીના વર્ષના ૧ લી એપ્રિલના રોજ અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ સામે ધ્યાનમાં લેવા જોઈએ. પરંતુ કારણ કે નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો અને સુધારો તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો હતો અને નિયમ ૨૪-એ ની કલમ (૧૧-બી) દર્શાવે છે કે સરકાર અથવા નિમણૂક કરનાર સત્તાધિકારીને, જે તે કિસ્સામાં હોય તે મુજબ, નિમણૂકની તારીખે કાયદા મુજબ પ્રવર્તમાન પસંદગી યાદીમાં સુધારો કરવાના અથવા સક્ષમ કોર્ટ દ્વારા નિર્દેશિત કરવામાં આવે તે મુજબના વિકલ્પો આપવામાં આવ્યા છે, પસંદગી સંબંધિત ડીપીસી દ્વારા કરવી જરૂરી છે. પસંદગી પછી, પ્રક્રિયા અનુસાર, સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ પર કરવામાં આવેલી નિમણૂક માન્ય છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું પસંદગી, નિયમોના સુધારા પછી અસ્તિત્વમાં આવેલી ખાલી જગ્યાઓ પર નિમણૂકના કિસ્સામાં, સુધારેલા નિયમો અનુસાર અથવા નિયમ ૯ સાથે વંચાતા નિયમ ૨૩ અને ૨૪-એ ના સંદર્ભમાં કરવામાં આવશે, જે અગાઉ ઉલ્લેખ કર્યો છે. કોર્ટે ઉપર ટાંકેલા ચુકાદાના પેરા ૯ માં સમાન પ્રશ્ન પર વિચાર કર્યો છે. કોર્ટે ખાસ કરીને નક્કી કર્યું છે કે નિયમોના સુધારા પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે મૂળ

નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં. તે મુજબ, આ કોર્ટે ઠેરવેલ કે નિયમોના સુધારા પહેલાં જે જગ્યાઓ ખાલી પડી હતી તે મૂળ નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં. આવશ્યક પરિણામ તરીકે, નિયમોના સુધારા પછી ઉદ્ભવતી ખાલી જગ્યાઓ તે તારીખે અસ્તિત્વમાં રહેલા કાયદા અનુસાર ભરવાની જરૂર છે જે તારીખે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી. નિઃશંકપણે, પસંદગી નિયમોના સુધારા પહેલાં તત્કાલીન પ્રવર્તમાન કાયદા અનુસાર કરવામાં આવી હતી કારણ કે નિયમ ૯ ના પ્રકાશમાં અપેક્ષિત ખાલી જગ્યાઓને પણ ધ્યાનમાં લેવામાં આવી હશે. પરંતુ સુધારેલા નિયમો અમલમાં આવ્યા પછી, અનિવાર્યપણે સુધારેલા નિયમો લાગુ કરવા અને અમલમાં લાવવા જરૂરી રહેશે. પરંતુ, કમનસીબે, વર્તમાન કેસમાં તે કરવામાં આવ્યું નથી. સરકાર અથવા નિમણૂક કરનાર સત્તાધિકારી માટે બે માર્ગો ખુલ્લા છે, એટલે કે, જ્યાં સુધી ડીપીસી ન મળે ત્યાં સુધી આગામી નાણાકીય વર્ષ માટે કામચલાઉ બઢતી આપવી અથવા નિયમ ૨૪-એ(૨-બી) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને, તેઓ અગાઉ તૈયાર કરેલી પેનલમાં સુધારો કરી શકે છે અને તે અનુસાર નિમણૂકો કરી શકે છે."

૧૫.૧ બી.એલ ગુપ્તા વિ. એમ.સી.ડી.[36]માં, એમસીડી હેઠળ ડીઈએસયુ ના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટની જગ્યા પર નિમણૂક વિચારણા હેઠળ હતી. આ જગ્યાઓ ૧૯૭૮ માં ઘડવામાં આવેલા વૈધાનિક નિયમો અનુસાર ભરવાની હતી જે પરીક્ષા માટેની જોગવાઈ કરતા હતા. ૧૯૯૩ માં ઉક્ત જગ્યાઓ માટે ૧૭૧ ખાલી જગ્યાઓ ઊભી થઈ. પરીક્ષામાં હાજર રહેલા માત્ર ૭૯ વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી હતી. તમામ ૧૭૧ ખાલી જગ્યાઓ પરીક્ષા અનુસાર ભરવામાં આવે તેવી અરજ કરતી રિટ પિટિશનો દિલ્હી હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. રિટ પિટિશનોના પડતર સમયગાળા દરમિયાન, ૧૯૯૫ માં નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો જેણે જોગવાઈ કરી હતી કે ૮૦% જગ્યાઓ બઢતી દ્વારા અને બાકીની ૨૦% પરીક્ષા દ્વારા ભરવામાં આવશે. હાઇકોર્ટે આ રિટ પિટિશનોનો નિર્ણય કરતી વખતે ઠરાવ્યું કે ૭૯ જગ્યાઓ માન્ય રીતે ભરવામાં આવી હતી અને બાકીની ખાલી જગ્યાઓ સુધારેલા નિયમો અનુસાર ભરવાની હતી. પ્રશ્ન એ હતો કે બાકીની ખાલી જગ્યાઓ સુધારેલા નિયમો અનુસાર ભરવાની છે કે બિન-સુધારેલા નિયમો અનુસાર. અપીલો મંજૂર કરતા કોર્ટે ઠેરવેલ કે:

> *"૯. જ્યારે ૧૯૭૮ માં વૈધાનિક નિયમો ઘડવામાં આવ્યા હતા, ત્યારે ખાલી જગ્યાઓ માત્ર ઉક્ત નિયમો અનુસાર જ ભરવાની હતી. ૧૯૯૫ ના નિયમોને હાઇકોર્ટ દ્વારા ભવિષ્યની અસર ધરાવતા (પ્રોસ્પેક્ટિવ) ગણવામાં આવ્યા છે અને અમારા મતે આ સાચો*

36 બી. એલ. ગુપ્તા વિ. એમ.સી.ડી. (૧૯૯૮) ૯ એસ.સી.સી. ૨૨૩.

<u>નિષ્કર્ષ હતો.</u> જો આમ હોય, તો જે પ્રશ્ન ઊભો થાય છે તે એ છે કે શું ૧૯૯૫ પહેલાં ઊભી થયેલી ખાલી જગ્યાઓ ૧૯૯૫ ના નિયમો અનુસાર ભરી શકાય. કોર્ટના એન.ટી. દેવિન કત્તી વિ. કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન [(૧૯૯૦) ૩ એસ.સી.સી. ૧૫૭] ના કેસના નિર્ણય તરફ શ્રી મહેતા દ્વારા અમારું ધ્યાન દોરવામાં આવ્યું છે. તે કેસમાં વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ [(૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪], પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી. [૧૯૮૮ સપ્લી એસ.સી.સી. ૭૪૦] અને એ.એ. કાલ્ટન વિ. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન [(૧૯૮૩) ૩ એસ.સી.સી. ૩૩] ના અગાઉના નિર્ણયોનો સંદર્ભ આપ્યા પછી કોર્ટ દ્વારા એવું ઠરાવવામાં આવ્યું હતું કે નિયમોના સુધારા પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં. જો કે હાઈકોર્ટે આ ચુકાદાઓનો સંદર્ભ આપ્યો છે, પરંતુ જે કારણો સરળતાથી સમજી શકાય તેવા નથી તેને લીધે તેની લાગુ પડવાની ક્ષમતા માત્ર ૭૯ પૂરતી મર્યાદિત હતી અને ૧૭૧ ખાલી જગ્યાઓ માટે નહીં, જે સ્વીકાર્યપણે અસ્તિત્વમાં હતી. આ સાચી કાનૂની સ્થિતિ હોવાને કારણે, હાઈકોર્ટે પ્રતિવાદીને આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ્સની ૧૭૧ જગ્યાઓ માટે પરિણામ જાહેર કરવાનો નિર્દેશ આપવો જોઈતો હતો અને ૭૯ માટે નહીં જે તેણે કર્યું હતું.

૧૦. ... ૧૯૭૮ ના નિયમો બઢતી કઈ રીતે આપી શકાય તેની પદ્ધતિ નક્કી કરે છે. નિમણૂકો કરતા પહેલા આ પદ્ધતિનું પાલન કરવું આવશ્યક છે. જો કોઈ વૈધાનિક નિયમો અસ્તિત્વમાં ન હોત, તો તે શક્ય બન્યું હોત, જો કે અમે તેના પર કોઈ અભિપ્રાય વ્યક્ત કરતા નથી, કે પ્રવર્તમાન હોદ્દેદારોને નિયમિત કરવામાં આવ્યા હોત. જ્યાં, જો કે, વૈધાનિક નિયમો અસ્તિત્વમાં છે, ત્યાં નિમણૂકો અને બઢતી વૈધાનિક નિયમો અનુસાર જ થવી જોઈએ ખાસ કરીને જ્યાં અમને એ દર્શાવવામાં આવ્યું નથી કે નિયમોએ નિમણૂક કરનાર સત્તાધિકારીને ઉક્ત નિયમોમાં શિથિલતા (રિલેક્સિંગ) આપવાની સત્તા આપી છે. શિથિલતા આપવાની આવી કોઈ સત્તાની ગેરહાજરીમાં, આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ તરીકેની નિમણૂક માત્ર ઉમેદવારોને પરીક્ષા આપવાની જરૂરિયાત દ્વારા જ થઈ શકે છે જે ૧૯૭૮ ના નિયમો દ્વારા નિર્ધારિત પદ્ધતિ હતી."

૧૫.૨ આ ટૂંકા ચુકાદામાં, કોર્ટે એવા આધાર પર કાર્યવાહી કરી કે રંગૈયા અને ત્યારબાદના નિર્ણયો જેમ કે એન.ટી. દેવિન કત્તી એવું ઠરાવે છે કે સુધારા પહેલાં ઊભી થતી ખાલી જગ્યાઓ જૂના નિયમો દ્વારા સંચાલિત થવી જોઈએ. બંધારણીય સ્થિતિ પર ન તો કોઈ ચર્ચા છે, ન તો રોશન લાલ ટંડનના કેસમાં સ્થાપિત થયેલા સરકારી કર્મચારીની સેવાની શરતોને સંચાલિત કરતા સિદ્ધાંતનો કોઈ સંદર્ભ છે. એટલું કહેવું પૂરતું છે કે કોર્ટે તેના આદેશમાં રંગૈયાનો

સંદર્ભ આપ્યો છે અને તેનું અનુકરણ કર્યું છે. આ ચોથો કેસ છે જેણે સિદ્ધાંતની તપાસ કર્યા વિના માત્ર રંગૈયાનું અનુકરણ કર્યું છે.

૧૬.૧ અર્જુન સિંહ રાઠોડ વિ. બી.એન. ચતુર્વેદી[37]માં, કોર્ટે તેના ટૂંકા આદેશમાં રંગૈયાનું અનુકરણ કર્યું હતું. આ કેસ ૧૯૮૮ ના સંબંધિત નિયમો હેઠળ એરિયા મેનેજર્સ અથવા સિનિયર મેનેજર્સની જગ્યા પર બઢતી સંબંધિત હતો. જ્યારે બઢતી માટે ૧૫ ખાલી જગ્યાઓ ઉપલબ્ધ હતી, ત્યારે ૧૯૯૮ માં નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો. હાઇકોર્ટના નિર્ણયને ઉલટાવતા, કોર્ટે અવલોકન કર્યું કે ખાલી જગ્યાઓ નિયમોના સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ અનુસાર ભરવાની હતી જે હેઠળ ઇન્ટરવ્યુ અને પસંદગીની પ્રક્રિયા અગાઉથી જ થઈ ચૂકી હતી. કોર્ટે રંગૈયાનું અનુકરણ કર્યું અને અવલોકન કર્યું:

> *"૬. પ્રતિવાદી ૬ અને ૭ વતી વિદ્વાન કાઉન્સિલ દ્વારા ઉપરોક્ત કાનૂની સ્થિતિનો ગંભીરતાથી વિરોધ કરવામાં આવ્યો નથી. <u>તેથી અમે એવા અભિપ્રાયના છીએ કે ૧૯૯૮ ના નિયમોના અમલીકરણ પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે ૧૯૮૮ ના નિયમો હેઠળ અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર ભરવાની હતી..."</u>*

૧૬.૨ રંગૈયાનું અનુકરણ કરનારા નિર્ણયોની વિગતવાર વિશ્લેષણ અને સમીક્ષા સુનિશ્ચિત કરવા માટે જ અમે આ દરેક ચુકાદાઓનો સંદર્ભ આપી

37 અર્જુન સિંહ રાઠોડ વિ. બી. એન. ચતુર્વેદી, (૨૦૦૭) ૧૧ એસ.સી.સી. ૬૦૫.

રહ્યા છીએ. અમે નોંધ્યું છે કે અનુગામી કેસોએ માત્ર રંગૈયાનો સંદર્ભ આપ્યો છે જ્યારે કોર્ટને લાગ્યું કે પસંદગી પ્રક્રિયા સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલા નિયમો અનુસાર હોવી જોઈએ. આમાંથી એક પણ કેસ કોઈ સ્થાપિત હિત ધરાવતા અધિકાર (વેસ્ટેડ રાઇટ) ના અસ્તિત્વને ઓળખતો નથી, ન તો તેઓ બંધારણીય સ્થિતિ અથવા રોશન લાલ ટંડનના કેસમાં સ્થાપિત થયેલા સિદ્ધાંતનો સંદર્ભ આપે છે.

૧૭.૧ સ્ટેટ ઓફ બિહાર વિ. મિથિલેશ કુમાર[38]માં, કોર્ટ ૩૦/૧૨/૨૦૦૧ ના રોજ પ્રકાશિત થયેલી જાહેરાત અનુસાર ઇન્સ્ટ્રક્ટર્સ અને આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર્સની જગ્યાઓ પર નિમણૂક અંગે ચિંતિત હતી. જાહેરાત અનુસરીને, અરજદારે અરજી કરી અને તેને ૦૯/૧૧/૨૦૦૨ ના રોજ ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યો. ત્યારબાદ, ૧૪/૧૧/૨૦૦૨ ના રોજ, ઉક્ત જગ્યા પર આગળની કોઈ ભલામણો ન મોકલવાની સૂચનાઓ જારી કરવામાં આવી કારણ કે જે યોજના હેઠળ જગ્યાઓ માટે નિમણૂકો મંગાવવામાં આવી હતી તે યોજના હવે માન્ય ન હતી. તેમાં પ્રતિવાદી ઇન્ટરવ્યુમાં સફળ જાહેર થયો હતો પરંતુ તેની નિમણૂક કરવામાં આવી ન હતી અને તેથી તેણે કોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઇકોર્ટના નિર્ણયને માન્ય રાખતા અને અપીલ ફગાવી દેતા, કોર્ટે રંગૈયાનું અનુકરણ કરીને ઠરાવ્યું:

38 સ્ટેટ ઓફ બિહાર વિ. મિથિલેશ કુમાર (૨૦૧૦) ૧૩ એસ.સી.સી. ૪૯૭.

"૧૪. વિદ્વાન કાઉન્સિલે રજૂઆત કરી હતી કે પટના ખાતે હેન્ડીકેપ્ડ એન્ડ રિહેબિલિટેશન ટ્રેનિંગ સેન્ટર માટે કમલા નેહરુ સોશિયલ સર્વિસ ઇન્સ્ટિટ્યૂટમાં આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર (ઇલેક્ટ્રોનિક્સ) ની જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવતી જાહેરાતની શરતોમાં વ્યાવસાયિક રીતે સ્થાપિત એનજીઓ/સંસ્થાઓ દ્વારા વિકલાંગ વ્યક્તિઓને તાલીમ આપવાના પાછળથી લેવાયેલા નિર્ણયના કારણે પ્રતિવાદીના પૂર્વગ્રહ માટે ફેરફાર કરી શકાય નહીં. કોર્ટના વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ ના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે સમાન સંજોગોમાં ઠરાવ્યું હતું કે જ્યારે સેવાના નિયમોમાં સુધારો કરવામાં આવે છે, ત્યારે સુધારેલા નિયમો પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત થશે અને સુધારેલા નિયમો દ્વારા નહીં.

<u>૨૩. જ્યારે વ્યક્તિ માત્ર પસંદગીના આધારે નિમણૂક માટે અખંડિત અધિકાર (ઇન્ડીફિઝિબલ રાઇટ) પ્રાપ્ત કરી શકતી નથી, ત્યારે વર્તમાન કેસમાં તથ્યોની પરિસ્થિતિ અલગ છે કારણ કે પસંદગી પ્રક્રિયા શરૂ થયા પછી નીતિમાં ફેરફાર દ્વારા પ્રતિવાદીના નિમણૂક મેળવવાના દાવાને નકારી કાઢવામાં આવ્યો હતો."</u>

૧૭.૨ આ જાહેરાત દ્વારા પસંદગીનો કેસ છે અને તેના દ્વારા રાખવામાં આવેલા હોદ્દા પરથી સરકારી કર્મચારીની બઢતીનો કેસ નથી. કોર્ટે

અવલોકન કર્યું કે પાછળથી લેવાયેલા નિર્ણયના આધારે જાહેરાતની શરતોમાં પ્રતિવાદીના પૂર્વગ્રહ માટે ફેરફાર કરી શકાય નહીં. કોર્ટ સમક્ષ તેની સેવાનું સંચાલન કરતા નિયમોના સંદર્ભમાં સરકારી કર્મચારીના દરજ્જા (સ્ટેટસ) પર વિચાર કરવાનો કોઈ પ્રસંગ ન હતો.

૧૮. કુલવંત સિંહ વિ. દયા રામ[39]માં, પંજાબ પોલીસ નિયમો, ૧૯૩૪ કોન્સ્ટેબલોની હેડ કોન્સ્ટેબલની જગ્યા પર બઢતી સાથે સંબંધિત હતા. ૧૯૮૨ ના નિયમના સુધારાના નિયમ ૧૩.૭ માં આદેશ આપવામાં આવ્યો હતો કે બઢતી માટે ધ્યાને લેવાયેલા કોન્સ્ટેબલોને વરિષ્ઠતા-વત્તા-યોગ્યતાના આધારે બઢતીના કોર્સ માટે મોકલવામાં આવે. ૧૯૮૨ ના નિયમોના આધારે ૧૫ કોન્સ્ટેબલોની બેચ પસંદ કરવામાં આવી હતી અને તેને એપ્રિલ ૧૯૮૮ માં કોર્સ માટે મોકલવામાં આવી હતી. ત્યારબાદ, ૭૧ ખાલી જગ્યાઓ ઊભી થઈ અને ૧૯૮૮ માં નિયમમાં બીજો સુધારો કરવામાં આવ્યો જેણે કોન્સ્ટેબલોને યોગ્યતા-વત્તા-વરિષ્ઠતાના આધારે બઢતીના કોર્સ માટે મોકલવાની જોગવાઈ કરી. મુદ્દો ત્યારે ઊભો થયો જ્યારે સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસે એવો પત્ર બહાર પાડ્યો કે ઉક્ત બઢતીઓમાં નવા નિયમો લાગુ થશે. નિર્ણયમાં હસ્તક્ષેપ કરતા અને ટ્રિબ્યુનલના નિર્ણયને પુનરાવર્તિત કરતા જેણે રંગૈયા અને પેરા ૩૮ થી ૪૧ માં ઉલ્લેખિત અનુગામી નિર્ણયોનું અનુકરણ કર્યું હતું, કોર્ટે અવલોકન કર્યું:-

39 કુલવંત સિંહ વિ. દયા રામ, (૨૦૧૫) ૩ એસ.સી.સી. ૧૭૭.

"૪૧. બી.એલ. ગુપ્તા [બી.એલ. ગુપ્તા વિ. એમસીડી, (૧૯૯૮) ૯ એસ.સી.સી. ૨૨૩] માં કોર્ટે વાય.વી. રંગૈયા [વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ, (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪], પી. ગણેશ્વર રાવ [પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી., ૧૯૮૮ સપ્લી એસ.સી.સી. ૬૪૦] અને એ.એ. કાલ્ટન વિ. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન [(૧૯૮૩) ૩ એસ.સી.સી. ૩૩] માં જણાવેલા સિદ્ધાંતનું પુનરાવર્તન કર્યું જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નિયમોના સુધારા પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે જૂના નિયમો દ્વારા સંચાલિત હતી અને સુધારેલા નિયમો દ્વારા નહીં. અર્જુન સિંહ રાઠોડ [અર્જુન સિંહ રાઠોડ વિ. બી.એન. ચતુર્વેદી, (૨૦૦૭) ૧૧ એસ.સી.સી. ૬૦૫] માં વાય.વી. રંગૈયા [વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ, (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪] અને આર. દયાળ [સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. આર. દયાળ, (૧૯૯૭) ૧૦ એસ.સી.સી. ૪૧૯] માં વ્યક્ત કરાયેલા મંતવ્યોનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું.

૪૨. કાયદાની ઉપરોક્ત દરખાસ્તનો સંદર્ભ એ સ્પષ્ટ કરે છે કે અચ્છર ચંદના કેસમાં ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલો નિર્ણય કોર્ટના પૂર્વ ઉદાહરણ અનુસાર હતો અને, વાસ્તવમાં ટ્રિબ્યુનલનો સ્પષ્ટ અર્થ એ જ હતો."

૧૯.૧ રિચા મિશ્રા વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ માં[40], મુદ્દો ડીએસપીની જગ્યા પર નિમણૂક સંબંધિત હતો. રાજ્ય સરકારે ૨૦૦૦ ના નિયમો અનુસાર ડીએસપીની જગ્યા સહિત વિવિધ ખાલી જગ્યાઓ ભરવા માટે માંગણીપત્ર (રિક્વિઝિશન) મોકલ્યું હતું. ત્યારબાદ, છત્તીસગઢ પોલીસ એક્ઝિક્યુટિવ (ગેઝેટેડ) સર્વિસ રિક્રુટમેન્ટ એન્ડ પ્રમોશન નિયમો, ૨૦૦૫ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. અપીલકર્તાએ પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો અને તે દરેક તબક્કે લાયક ઠરી. જો કે, તેનું નામ હજુ પણ સફળ ઉમેદવારોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું ન હતું કારણ કે ૨૦૦૦ ના નિયમોમાં જોગવાઈ હતી કે ડીએસપીની જગ્યા પર નિમણૂક માટેની ઉપલી વય મર્યાદા ૨૫ વર્ષ હતી અને તેણીએ ઉક્ત વય મર્યાદા ઓળંગી લીધી હતી અને તેથી તે પ્રશ્નમાં રહેલી જગ્યા માટે અપાત્ર હતી. વિચારણા માટે જે પ્રશ્ન ઊભો થયો હતો તે એ હતો કે ૨૦૦૦ ના નિયમો લાગુ થશે કે ૨૦૦૫ ના નિયમો. નિમણૂક માટેના માંગણીપત્રની તપાસ કર્યા પછી, જે નવા નિયમોના આગમન પહેલાં કરવામાં આવ્યું હતું અને આગળ રંગૈયાના સિદ્ધાંતને લાગુ કરીને કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું:

> *"૧૮. હાઈકોર્ટે ઠરાવ્યું કે ડીએસપીની ખાલી બેઠકો સામે ભરતી પ્રક્રિયા શરૂ કરવા માટેનું પ્રથમ અને બીજું માંગણીપત્ર ત્યારે મોકલવામાં આવ્યું હતું જ્યારે ૨૦૦૦ ના નિયમો અમલમાં હતા. તેથી, ભરતી યોગ્ય રીતે ૨૦૦૦ ના નિયમો હેઠળ હાથ ધરવામાં*

40 રિચા મિશ્રા વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ, (૨૦૧૬) ૪ એસ.સી.સી. ૧૭૯.

આવી હતી. સ્વીકૃત તથ્યો એ છે કે રાજ્ય સરકાર દ્વારા સીપીએસસીને મોકલવામાં આવેલા તારીખ ૨૭/૦૯/૨૦૦૪ અને ૨૬/૦૩/૨૦૦૫ ના માંગણીપત્રો સાથે ૨૦૦૫ ના નિયમો પ્રખ્યાપિત થાય તે પહેલાં પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ હતી. તે સમયે, ૨૦૦૦ ના નિયમો પ્રચલિત હતા. આ કારણે, માંગણીપત્રમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે નિમણૂકો ૨૦૦૦ ના નિયમો હેઠળ કરવાની છે. વધુમાં, તે પણ એક સ્વીકૃત હકીકત છે કે જે ખાલી જગ્યાઓ ભરવાની હતી તે ૨૦૦૫ પહેલાના સમયગાળા માટેની હતી. આવી ખાલી જગ્યાઓ ઉક્ત નિયમો એટલે કે ૨૦૦૦ ના નિયમો અનુસાર ભરવાની જરૂર હતી. આ સ્પષ્ટ કાનૂની સ્થિતિ છે જે વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ [વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ, (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪] માંથી જાણી શકાય છે...."

૧૯.૨ આ ચુકાદામાં પણ રંગૈયાને તથ્યોના સંદર્ભમાં લાગુ કરવામાં આવ્યો હતો અને સરકારી કર્મચારીની રોજગારીની બંધારણીય સ્થિતિ અને રોશન લાલ ટંડનના કેસમાં સ્થાપિત થયેલા સિદ્ધાંતનો કોઈ સંદર્ભ આપવામાં આવ્યો ન હતો.

વિશ્લેષણ:

૨૦.૧ પી. ગણેશ્વર રાવના કેસ સિવાય, જેણે માત્ર રંગૈયાનું જ અનુકરણ કર્યું ન હતું પરંતુ એવું પણ અવલોકન કર્યું હતું કે નવા નિયમો ખાલી જગ્યાઓને નિયમોના સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલા નિયમો અનુસાર ભરવા સક્ષમ બનાવે છે, અન્ય તમામ ચુકાદાઓએ રંગૈયાના સિદ્ધાંતને અપનાવ્યો અને ખાલી જગ્યાઓ ઊભી થઈ ત્યારે અસ્તિત્વમાં રહેલા નિયમો અનુસાર નિમણૂકો કરવાનો નિર્દેશ આપ્યો. આ કેસો સરકારી કર્મચારીના આવા અધિકારના કોઈ સ્ત્રોતની ચર્ચા કરતા નથી. આવા અધિકારના અમલીકરણને સક્ષમ બનાવવા માટે કોઈ નિયમનો, ભલે તે જૂનો હોય કે નવો, તેનો કોઈ સંદર્ભ પણ નથી. આમાંથી એક પણ કેસ દરજ્જા (સ્ટેટસ) ની બંધારણીય સ્થિતિ અથવા રોશન લાલ ટંડનના કેસમાં સ્થાપિત થયેલા સિદ્ધાંતનો સંદર્ભ આપતો નથી.

૨૦.૨ અમે હવે એવા કેસોની ચર્ચા કરીશું જેણે રંગૈયાને અલગ પાડ્યો છે. આ નિર્ણયો રંગૈયામાં સ્થાપિત થયેલા સિદ્ધાંતને ન અનુસરવા માટે વિવિધ કારણો અપનાવે છે.

<u>રંગૈયાના કેસને અલગ પાડનારા નિર્ણયો:</u>

૨૧. યુનિયન ઓફ ઇન્ડિયા વિ. એસ.એસ. ઉપ્પલ માં[41], તેમાંના પ્રતિવાદીને ૦૧/૦૨/૧૯૮૯ ના રોજ ઊભી થયેલી ખાલી જગ્યા માટે આઈએએસમાં સમાવવા માટે ધ્યાનમાં લેવામાં આવી રહ્યો હતો. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસીસ (રેગ્યુલેશન ઓફ સિનિયોરિટી) નિયમો, ૧૯૮૭ માં

41 યુનિયન ઓફ ઇન્ડિયા વિ. એસ. એસ. ઉપ્પલ, (૧૯૯૬) ૨ એસ.સી.સી. ૧૬૮.

૦૩/૦૨/૧૯૮૯ ના રોજ સુધારો કરવામાં આવ્યો હતો. પ્રતિવાદી જેની નિમણૂક ૧૫/૦૨/૧૯૮૯ ના રોજ કરવામાં આવી હતી તેણે દાવો કર્યો હતો કે તેની વરિષ્ઠતાની ગણતરી ખાલી જગ્યા ઊભી થઈ તે તારીખથી એટલે કે ૦૧/૦૨/૧૯૮૯ થી થવી જોઈએ અને આ હેતુ માટે તેણે રંગૈયાના નિર્ણય પર આધાર રાખ્યો હતો અને ટ્રિબ્યુનલ દ્વારા તે સ્વીકારવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલના નિર્ણયને ઉલટાવતા, આ કોર્ટે ઠેરવેલ કે રંગૈયા અહીં બિલકુલ લાગુ પડતો નથી. વધુમાં, શંકરશન દાસ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ના નિર્ણય પર આધાર રાખતા[42], જેણે ઠરાવ્યું હતું કે ખાલી જગ્યાનું અસ્તિત્વ પસંદ થયેલા ઉમેદવારને કોઈ કાનૂની અધિકાર આપતું નથી, કોર્ટે નીચે મુજબ ઠરાવ્યું:

> *"૧૫. અમારી સમક્ષના કેસના તથ્યો સંપૂર્ણપણે અલગ છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી કોઈ સૂચનાનું ઉલ્લંઘન કે કોઈ નિયમનું ઉલ્લંઘન થયું નથી. પ્રતિવાદી ૧ સરકારના ભાગ પર નિયમો અથવા વિનિયમોના કોઈપણ એવા ઉલ્લંઘન તરફ ઈશારો કરવા સક્ષમ નથી જેનાથી તેના પર પ્રતિકૂળ અસર પડી હોય.*
>
> *૧૭. ...તેમને વાસ્તવમાં ૧૫/૦૨/૧૯૮૯ ના રોજ સેવામાં સામેલ કરવામાં આવ્યા હતા. વરિષ્ઠતા નક્કી કરવા માટે તે દિવસે જે નિયમો અમલમાં હતા તે સ્પષ્ટપણે તેમના કેસને લાગુ પડશે. તે સાચું છે કે ઉપ્પલનું નામ ઓગસ્ટ ૧૯૮૮ માં ક્યારેક તૈયાર કરાયેલી*

42 શંકરસન દાસ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૧) ૩ એસ.સી.સી. ૪૭.

પેનલમાં સામેલ હતું. પરંતુ પેનલમાં માત્ર તેમના નામનો સમાવેશ થવાથી તેમને આઈએએસમાં આપોઆપ નિમણૂક મેળવવાનો કોઈ અધિકાર મળતો નથી. ન તો એવું કહી શકાય કે જ્યારે કોઈ યોગ્ય જગ્યા ખાલી પડી ત્યારથી તેમની નિમણૂક થઈ હોય તેમ ગણવાનું રહેશે. આઈએએસમાં નિમણૂક પામેલા અધિકારીની વરિષ્ઠતા આઈએએસમાં નિમણૂકની તારીખે લાગુ પડતા વરિષ્ઠતાના નિયમો અનુસાર નક્કી કરવામાં આવે છે. વરિષ્ઠતામાં વેઇટેજને ભૂતકાળની અસર આપી શકાય નહીં સિવાય કે સંબંધિત સમયે અમલમાં રહેલા નિયમમાં તેની ખાસ જોગવાઈ કરવામાં આવી હોય..."

૨૨. *સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા વિ. કાશીનાથ ખેર*[43] ફરીથી એવો કેસ છે જ્યાં કર્મચારીએ રંગૈયાના સિદ્ધાંત પર આધાર રાખીને એવી દલીલ કરી હતી કે મિડલ મેનેજમેન્ટ ગ્રેડ સ્કેલ-૨ ની જગ્યા પર બઢતી ૧૯૮૮, ૧૯૮૯ અને ૧૯૯૦ માં ઊભી થયેલી ખાલી જગ્યાઓના આધારે ૧૯૯૦ થી અમલમાં આવેલી નવી નીતિ લાગુ કર્યા વિના કરવાની રહેશે. પ્રથમ સ્થામે, આ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા હેઠળની સેવા સંબંધિત કેસ છે, જે અનુચ્છેદ ૩૦૯ હેઠળ બનાવેલા કાયદા કે નિયમો દ્વારા સંચાલિત રાજ્ય હેઠળની સેવા નથી. જો કે, અમે રંગૈયામાં સ્થાપિત થયેલા સિદ્ધાંત અને તેને અનુસરનારા તેમજ અસંમત થનારા નિર્ણયો પર વિચાર કરી રહ્યા હોવાથી, અમે આ કેસની તપાસ કરી છે. એ નોંધવું રસપ્રદ છે કે વિદ્વાન

43 સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા વિ. કાશીનાથ ખેર (૧૯૯૬) ૮ એસ.સી.સી. ૬૬૨.

ન્યાયમૂર્તિઓએ એવું માની લીધું હતું કે રંગૈયાના કેસે "નિયમો પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ પર નિયમની ભૂતકાળની અસરથી લાગુ પડવા" ના પ્રશ્ન પર વિચાર કર્યો હતો. વાસ્તવમાં, રંગૈયા એવું કંઈ અવલોકન કરતું નથી અને અમે તેને અહીં જ છોડી દઈશું. કોર્ટે અવલોકન કર્યું:

"૧૪. પ્રતિવાદીઓ વતી વિદ્વાન કાઉન્સિલ એ દલીલ કરવામાં સાચા નથી કે ખાલી જગ્યાઓ ૧૯૮૮, ૧૯૮૯ અને ૧૯૯૦ માં ઊભી થઈ છે અને ૧૯૯૦ માં આપવામાં આવેલી શિથિલતાનો નિયમ ૧૯૮૮, ૧૯૮૯ અને ૧૯૯૦ માં ઊભી થયેલી ખાલી જગ્યાઓને આપી શકાય નહીં અને જ્યારે ખાલી જગ્યાઓ ઊભી થઈ ત્યારે પ્રચલિત નિયમો અનુસાર ધ્યાનમાં લેવી જોઈએ. તે જોવામાં આવે છે કે નીતિ વિષયક નિર્ણય ૨૧/૦૩/૧૯૯૦ ના રોજ પ્રથમ વખત લેવામાં આવ્યો હતો જે ૦૧/૦૮/૧૯૮૮ થી અમલી બન્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, ઓગસ્ટ ૧૯૮૮ ના રોજ અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ ભરવાના નિર્ણયના પ્રકાશમાં બઢતીઓ પર ભૂતકાળની અસરથી વિચાર કરવો જરૂરી છે. તેથી, આ એવો કેસ નથી જેમાં પાછળથી બનાવેલા નિયમને અગાઉ અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યા પર લાગુ કરવામાં આવ્યો હોય. સમાન રીતે, એ કહેવું યોગ્ય નથી કે આ સિદ્ધાંત અન્યાયી સિદ્ધાંત

છે. તે સાચું છે કે કોર્ટે વાય.વી. રંગૈયા વિ. જે. શ્રીનિવાસ રાવ [(૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૮૪] માં, ચુકાદાના ફકરા ૭ અને ૮ માં, નિયમો પહેલાં અસ્તિત્વમાં રહેલી ખાલી જગ્યાઓ પર નિયમની ભૂતકાળની અસરથી લાગુ પડવાના પ્રશ્ન પર વિચાર કર્યો હતો. પરંતુ તે કેસમાં, આંધ્ર પ્રદેશના રજિસ્ટ્રેશન વિભાગમાં સબ-રજિસ્ટ્રાર ગ્રેડ ૨ માટે નિયમ પ્રચલિત હતો. પરંતુ કોઈ યાદી તૈયાર કરવામાં આવી ન હતી, પ્રવર્તમાન નિયમો અનુસાર બઢતી આપવામાં આવી ન હતી. પાત્ર ઉમેદવારોની યાદી સુધારેલા નિયમો અનુસાર તૈયાર કરવામાં આવી હતી, જે આંધ્ર પ્રદેશમાં અનુચ્છેદ ૩૭૧-ડી અને રાષ્ટ્રપતિના આદેશ હેઠળ દાખલ કરાયેલી ઝોનલ સિસ્ટમના પરિણામે હતી. *એવું ઠરાવવામાં આવ્યું હતું કે નિયમોમાં સુધારો કરતા પહેલાં જે ખાલી જગ્યાઓ ઊભી થઈ હતી તે સુધારા પહેલાં પ્રચલિત નિયમો અનુસાર ભરવી જોઈએ અને ત્યારબાદ ઊભી થયેલી ખાલી જગ્યાઓ સુધારેલા નિયમો અનુસાર ભરવી જોઈએ. તે પરિસ્થિતિ આ તથ્યલક્ષી મેટ્રિક્સને લાગુ પડતી નથી."*

૨૩.૧ *કે.રામુલુ વિ. એસ. સૂર્યપ્રકાશ રાવ*[44] એ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. આ મુદ્દો આસિસ્ટન્ટ ડિરેક્ટરની બઢતીની જગ્યા પર ૧૯૯૬ ના સુધારા પહેલાં ઊભી થયેલી ખાલી જગ્યાઓ પર એ.પી. એનિમલ હસબન્ડ્રી સર્વિસ નિયમો, ૧૯૯૬ (જેણે પ્રવર્તમાન ૧૯૭૭ ના નિયમો રદ કર્યા હતા) ની

44 કે. રામુલુ વિ. એસ. સૂર્યપ્રકાશ રાવ (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૫૯.

લાગુ પડવાની ક્ષમતા સંબંધિત હતો. નિયમ ૪ હેઠળ, સરકારે ઉક્ત જગ્યા પર બઢતી માટે વર્ષ ૧૯૯૫-૯૬ માટે પેનલ તૈયાર કરવાની અને કાર્યરત કરવાની હતી. જો કે, સરકારે ૧૯૮૮ માં એવો સભાન નિર્ણય લીધો હતો કે જ્યાં સુધી રદ કરાયેલા નિયમોમાં યોગ્ય સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ ખાલી જગ્યાઓ ભરવી નહીં. આના પ્રકાશમાં, સરકારે વર્ષ ૧૯૯૫-૯૬ માટે આસિસ્ટન્ટ વેટરનરી સર્જનમાંથી આસિસ્ટન્ટ ડિરેક્ટરની જગ્યા પર બઢતી માટેની પેનલ તૈયાર કરી ન હતી અને તેને આખરી ઓપ આપ્યો ન હતો. એવું ઠરાવવામાં આવ્યું હતું કે:

> "૧૨. ...પરંતુ પ્રશ્ન એ છે કે શું રંગૈયાના કેસનો રેશિયો (ગુણોત્તર) આ કેસના તથ્યોને લાગુ પડશે. <u>તેમાં સરકારે માત્ર નિયમોમાં સુધારો કર્યો હતો, જે તારીખે નવા નિયમો અમલમાં આવ્યા તે તારીખે નિયમોના સુધારા સુધી પ્રવર્તમાન ખાલી જગ્યાઓ ન ભરવાનો કોઈ સભાન નિર્ણય લીધા વિના સુધારેલા નિયમો લાગુ કર્યા હતા.</u> તે સાચું છે, જેમ શ્રી એચ.એસ. ગુરુરાજા રાવ દ્વારા દલીલ કરવામાં આવી છે, કે કોર્ટે ઘણા નિર્ણયોમાં તેના રેશિયોનું અનુકરણ કર્યું છે અને તેઓના દ્વારા ટાંકવામાં આવેલા નિર્ણયો પી. ગણેશ્વર રાવ વિ. સ્ટેટ ઓફ એ.પી., પી. મહેન્દ્રન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક, એ.એ. કાલ્ટન વિ. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન, એન.ટી. દેવિન કત્તી વિ. કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન, રમેશ કુમાર ચૌધરી વિ. સ્ટેટ ઓફ

એમ.પી. છે. આમાંથી એક પણ નિર્ણયમાં, વર્તમાન કેસમાં જે પરિસ્થિતિ ઊભી થઈ છે તે વિચારણા માટે આવી ન હતી.

૧૩. તે જોવામાં આવે છે કે સરકારે નિયમોના સુધારા સુધી કોઈ નિમણૂક ન કરવાનો સભાન નિર્ણય લીધો હોવાથી, જનરલ નિયમોનો નિયમ ૩ પ્રતિવાદીને કોઈ મદદ કરતો નથી...

૧૫. આમ, અમે ઠરાવીએ છીએ કે સરકાર દ્વારા લેવામાં આવેલા નીતિ વિષયક નિર્ણયને ધ્યાનમાં લેતા, જે અમને રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રી પરથી ન્યાયી લાગે છે, પ્રથમ પ્રતિવાદીએ રદ કરાયેલા નિયમો અનુસાર બઢતી માટે ધ્યાને લેવા માટે કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર (વેસ્ટેડ રાઈટ) પ્રાપ્ત કર્યો નથી. અમે ઠરાવીએ છીએ કે ટ્રિબ્યુનલ સરકારી પશુપાલન વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર્સની જગ્યા પર બઢતી માટે રદ કરાયેલા નિયમો અનુસાર પેનલ તૈયાર કરવા અને કાર્યરત કરવા માટે સરકારને નિર્દેશ આપવામાં સાચી અને યોગ્ય ન હતી."

૨૩.૨ આ ચુકાદો સ્પષ્ટપણે એ સિદ્ધાંતને માન્યતા આપે છે કે જાહેર હિતમાં સરકાર દ્વારા લેવામાં આવેલો નીતિ વિષયક નિર્ણય ખાલી જગ્યાઓ ભરવાના કોઈપણ દાવા પર પ્રવર્તશે. વધુમાં, જ્યારે આવો નિર્ણય લેવામાં આવે છે, ત્યારે કર્મચારી પાસે રદ કરાયેલા નિયમો અનુસાર બઢતી માટે ધ્યાને લેવાનો કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર હોતો નથી.

૨૪.૧ રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન વિ. ચનન રામ માં[45], નિયમો, ૧૯૮૬ હેઠળ આસિસ્ટન્ટ ડિરેક્ટર [46](જુનિયર) ની ૨૩ જગ્યાઓ પર સીધી ભરતી માટેની જાહેરાત ૦૫/૧૧/૧૯૯૩ ના રોજ બહાર પાડવામાં આવી હતી. તેમાં પ્રતિવાદીએ ઉક્ત જાહેરાત અનુસરીને અરજી કરી હતી. વધુમાં, આ જાહેરાત અનુસરીને અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૧૯૯૩ હતી. જો કે, અરજીઓની છેલ્લી તારીખના ત્રણ દિવસ પહેલાં, ૨૮/૧૨/૧૯૯૩ ના રોજ, રાજ્ય સરકારે આરપીએસસીને ભરતી પ્રક્રિયા આગળ ન વધારવા જણાવ્યું હતું. ત્યારબાદ, ૧૯/૦૪/૧૯૯૫ ના રોજ, નિયમોમાં સુધારો કરવામાં આવ્યો અને પરિણામે, ઉપરોક્ત જાહેરાત રદ કરવામાં આવી. સુધારાનું બીજું પરિણામ એ આવ્યું કે આસિસ્ટન્ટ ડિરેક્ટર (જુનિયર) ની જગ્યા નાબૂદ કરવામાં આવી અને માર્કેટિંગ ઓફિસર તરીકે તેની પુનઃરચના કરવામાં આવી. માર્કેટિંગ ઓફિસરની ૨૬ જગ્યાઓ માટે નવી જાહેરાત બહાર પાડવામાં આવી અને જે ૨૩ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી, તેને આગળ ખેંચવામાં આવી (કેરી ફોરવર્ડ). પ્રતિવાદીએ હાઇકોર્ટ સમક્ષ સફળતાપૂર્વક દલીલ કરી હતી કે રંગૈયાના નિર્ણય અને તેને અનુસરનારા અનુગામી કેસો પર આધાર રાખીને ખાલી જગ્યાઓના સમયે અસ્તિત્વમાં રહેલા નિયમો પર ભરતી આધારિત હોવી જોઈએ. દલીલને નકારી કાઢતાં અને અપીલ મંજૂર કરતાં આ કોર્ટે ઠેરવેલ કે:

---

45 રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન વિ. ચનન રામ, (૧૯૯૮) ૪ એસ.સી.સી. ૨૦૨.
46 રાજસ્થાન એગ્રીકલ્ચરલ માર્કેટિંગ સર્વિસીસ રૂલ્સ, ૧૯૮૬.

"૧૫.....તેનાથી વિપરીત કોર્ટના જય સિંહ દલાલ વિ. સ્ટેટ ઓફ હરિયાણા ના ત્રણ ન્યાયમૂર્તિઓની બેન્ચનો ચુકાદો વર્તમાન કેસના તથ્યો પર સીધો આકર્ષિત થશે. એ.એમ. અહમદી, ન્યાયમૂર્તિએ સ્ટેટ ઓફ હરિયાણા વિ. સુભાષ ચંદ્ર મારવાહા ના કોર્ટના અગાઉના ચુકાદા પર આધાર રાખીને ત્રણ ન્યાયમૂર્તિઓની બેન્ચ વતી પેરા ૭ માં એવું ઠરાવ્યું હતું કે જ્યારે ભરતીની વિશેષ પ્રક્રિયા આખરી ઓપ પામી ન હોય અને પસંદગી યાદીમાં પરિણમી ન હોય ત્યારે ઉમેદવાર પાસે નિમણૂક મેળવવાનો કોઈ અધિકાર હોતો નથી. આ સંબંધમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ઉમેદવારની નિમણૂક થાય તે પહેલાં કોઈપણ સમયે સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા અટકાવી શકાય છે. ઉમેદવાર પાસે પ્રક્રિયા પૂર્ણ કરાવવાનો કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર નથી અને વધુમાં વધુ સરકાર પાસે તેની ન્યાયી કાર્યવાહીને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪ ની કસોટી પર ન્યાયી ઠેરવવાની માંગ કરી શકાય છે.

૧૬.વર્તમાન કેસના તથ્યોમાં એવું સૂચન પણ કરી શકાય નહીં કે તારીખ ૦૫/૧૧/૧૯૯૩ ના પરિશિષ્ટ પી-૧ ની પ્રથમ જાહેરાત અનુસરીને અગાઉની ભરતી પ્રક્રિયાને અટકાવવામાં રાજ્ય સરકારની કાર્યવાહી કોઈપણ રીતે મનસ્વી હતી કારણ કે નિયમોમાં જ સુધારો કરવામાં આવ્યો હતો અને અગાઉ જાહેરાત કરાયેલી જગ્યાઓ અસ્તિત્વમાં બંધ થઈ ગઈ હતી."

૨૪.૨ ઉપર દર્શાવ્યા મુજબ, રંગૈયા, પી. ગણેશ્વર અને અન્ય નિર્ણયોનો સંદર્ભ આપ્યા પછી, કોર્ટે એ સિદ્ધાંત અપનાવ્યો કે નિમણૂક થાય તે પહેલાં કોઈપણ સમયે ભરતી પ્રક્રિયા અટકાવવાનો રાજ્યને અધિકાર છે. આનો અર્થ એ છે કે પ્રક્રિયા પૂર્ણ કરાવવાનો કોઈ સ્થાપિત હિત ધરાવતો અધિકાર નથી. આ એટલા માટે મહત્વનું છે કારણ કે જ્યારે તે ઠરાવે છે કે કર્મચારીનો કોઈ અધિકાર નથી, ત્યારે તે સંવિધાનના અનુચ્છેદ ૧૪ ની કસોટી પર તેની કાર્યવાહીને ન્યાયી ઠેરવવાની રાજ્યની જવાબદારીને ઓળખે છે.

